SAMAJ GOSHTHI

# સમાજગોષ્ઠિ

October - 2022

## નૂતન વર્ષાભિનંદન !

તીવ્ર ગતિએ દોડતા આ સમાજે ૧૯૯૫માં શતાબ્દિ ઉજવી, બંધારણીય માળખામાં સાડા ત્રણ દશક પૂરાં કરી, સમાજયાત્રા, શિક્ષણયાત્રા અને સ્વાસ્થ્ય યાત્રામાં, આપ સૌના અવિરત સહયોગથી સારી એવી નામના અને ચાહના પ્રાપ્ત કરી, આ વર્ષે માતૃસંસ્થાના હેડ ક્વાર્ટરને અદ્યતન નૂતન પ્રૉજેક્ટ 'ઉત્કર્ષ' હાથ ધરવા પ્રેરણા આપી છે.

બે મેગા પ્રૉજેક્ટ ચારૂસેટ યુનિવર્સિટીને A+ ગ્રેડ અને ચારૂસેટ હૉસ્પિટલ સાથે આ બહુવિધ સગવડ અને સવલતો ધરાવતો પ્રૉજેક્ટ પૂરો થતાં માતૃસંસ્થાનો ડંકો વાગશે.

આપ સૌના તરફથી આજ સુધી જે હૂંફાળો સહકાર સતત મળી રહ્યો છે તેવાં દેશ-વિદેશનાં આત્મીય સ્વજનો, શુભેચ્છકો, દિલાવર દાનવીરો, કર્મઠ કાર્યકરો અને સંનિષ્ઠ કર્મચારીઓને નૂતન વર્ષ તન, મન, ધનથી સદાય સુખ, ઐશ્વર્ય અને સંસ્થાઓને ગતિશીલ બનાવવા ત્રિવિધ તાકાત અર્પે તેવી પરમપિતાને પ્રાર્થના સહ....

## નૂતન વર્ષાભિનંદન !

**નગીનભાઈ એમ. પટેલ**
**પ્રમુખ**, માતૃસંસ્થા અને ચારૂસેટ
હેલ્થકેર એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન

**સુરેન્દ્ર એમ. પટેલ**
**પ્રમુખ**, કેળવણી મંડળ
અને ચારૂસેટ યુનિવર્સિટી

**ડૉ. આર. વી. ઉપાધ્યાય**
**પ્રો-વોસ્ટ**
ચારૂસેટ યુનિવર્સિટી


**ડૉ. એમ. સી. પટેલ**
**મંત્રી**, માતૃસંસ્થા-કેળવણી મંડળ-ચારૂસેટ હેલ્થકેર
એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન

### સમાજનાં ત્રણ વિરાટ પગલાં...

| સમૂહલગ્નોત્સવ | ચારૂસેટ યુનિવર્સિટી | ચારૂસેટ હૉસ્પિટલ |
|---|---|---|

CHARUSAT

CHARUSAT HOSPITAL



@THECHARUSAT
WWW.CHARUSAT.AC.IN
अमृतं तु विद्या
CHARUSAT
CHAROTAR UNIVERSITY OF SCIENCE AND TECHNOLOGY
JOIN TODAY.. FOR YOUR TOMORROW..
Our Quality Timeline
CHARUSAT
IS NOW ACCREDITED
NAAC GRADE A+
OUR ARROW EDUCATION, ENTREPRENEURSHIP & RESEARCH
2000
The Foundation of Engineering Institute
2007-08
NBA (EC/ME/EE /CE/IT) 1ST Cycle
NATIONAL BOARD OF ACCREDITATION
2009
CHARUSAT Becomes University
2013-16
NAAC GRADE A
NAAC Grade 'A' (1ST Cycle)
NBA (EC/ME/EE/CE/IT) (2ND Cycle)
2018
nirf 48TH RANK
NIRF 48TH Rank
2019
nirf 26TH RANK
NIRF 26TH Rank
2020
nirf 24TH RANK
NIRF 24TH Rank
2021
nirf 22ND RANK
NIRF 22ND RANK
P. D. Patel Institute Of Applied Sciences
TOP #10
GSIRF
CSPIT PDPIAS
DEPSTAR MTIN
RPCP BDPIS
CMPICA IIIM
ARIP
2022
CENTER OF EXCELLENCE
BY GOVERNMENT OF GUJARAT
सत्यमेव जयते
NAAC
NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL
NAAC Grade 'A+' (2ND Cycle)
Centre of Excellence By Gujarat Gov.
We are thankful to the Charusat Family and Education Fraternity of Gujarat for their generous support
CHARUSAT CAMPUS
Off Nadiad - Petlad Highway, Changa, Gujarat - 388421
President : Shri Surendra Patel ▪ Secretary : Dr. M C Patel
Provost : Dr. R V Upadhyay
Aegis : Shri Charotar Moti Sattavis Patidar Kelavani Mandal

# શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ - માતૃસંસ્થા

**સમાજનાં ત્રણ વિરાટ પગલાં...** સમૂહલગ્નોત્સવ | ચારૂસેટ યુનિવર્સિટી | ચારૂસેટ હૉસ્પિટલ


સ્થાપના : સંવત ૧૯૫૧ જેઠ સુદ ૧૨, સોમવાર, તા. ૦૪/૦૬/૧૮૯૫ — નોંધણી ક્રમાંક : એફ/૩૯૫/ખેડા • તા. ૪/૬/૧૯૮૭

બંધારણીય માળખાની રચના : તા. ૩૧/૫/૧૯૮૭ — નવો નંબર : એફ/૨૫૪/આણંદ — ગુજ./૫૮૭/ખેડા • તા. ૨૯/૮/૧૯૮૭


## માનદ્ મેનેજમેન્ટ ટીમ (૨૦૨૨-૨૦૨૭)


| | | |
|---|---|---|
| પૂર્વ પ્રમુખ : | **શ્રી બેચરભાઈ મોતીભાઈ પટેલ** | (ચકલાસી) |
| | **શ્રી છોટાભાઈ ભીખાભાઈ પટેલ** | (મલાતજ) |
| પ્રમુખશ્રી : | **શ્રી નગીનભાઈ એમ. પટેલ** | (ચકલાસી) |
| ઉપપ્રમુખ : | **શ્રી નવનીતભાઈ એચ. પટેલ** | (અજરપુરા) |
| | **શ્રી ગિરિશભાઈ બી. પટેલ** | (નડીયાદ ઘટક) |
| મંત્રી : | **ડૉ. એમ. સી. પટેલ** | (ખાંધલી) |
| સહમંત્રી : | **પ્રિ. ધીરૂભાઈ સી. પટેલ** | (બાકરોલ) |
| | **શ્રી વિપુલભાઈ વી. પટેલ** | (ડભોઉ) |
| | **શ્રી ભારતીબેન પી. પટેલ** | (અમદાવાદ ઘટક) |
| ખજાનચી : | **શ્રી કિરણભાઈ આઈ. પટેલ** | (આણંદ) |

### ટ્રસ્ટીશ્રીઓ :

૧. **શ્રી દિપકભાઈ સી. પટેલ (સાથી)** (આણંદ)
૨. **શ્રી જશભાઈ પી. પટેલ** (ચકલાસી)
3. **શ્રી ચંદ્રકાન્તભાઈ એમ. પટેલ** (બાકરોલ)
૪. **પ્રિ. શ્રી રમણભાઈ વી. પટેલ** (મહુધા)
૫. **શ્રી જયંતિભાઈ ડી. પટેલ** (ડુમરાલ)

### દાતા ટ્રસ્ટીશ્રીઓ :

૧. **શ્રી કમલેશભાઈ છોટાભાઈ પટેલ** (મલાતજ)
૨. **શ્રી ભગુભાઈ પરસોત્તમભાઈ પટેલ** (ડભાણ)
3. **શ્રી વિપેન્દ્રભાઈ ભાઈલાલભાઈ પટેલ** (આણંદ)
૪. **શ્રી ઘનશ્યામભાઈ ઉમેદભાઈ પટેલ** (પીપલગ)

### ઈન્ટરનલ ઑડિટર

**શ્રી પ્રિતેશભાઈ એમ. પટેલ** (રામોલ)

### વિવિધ પેટા સમિતિ :

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | **પ્રમુખ સ્વામિ સાંસ્કૃતિક કેન્દ્ર-સમાજવાડી, પીપલગ** | કન્વીનર | શ્રી ચિરાગભાઈ આર. પટેલ | (પીપલગ) |
| ૨ | **સમૂહલગ્ન સમિતિ** | કન્વીનર | શ્રી કલ્પેશભાઈ કે. પટેલ | (નડીયાદ ઘટક) |
| 3 | **મેરેજ બ્યુરો સમિતિ** | કન્વીનર | શ્રી ભાનુભાઈ એસ. પટેલ | (આણંદ) |
| ૪ | **લગ્નોત્સુક પસંદગી સમિતિ** | કન્વીનર | શ્રી ભગવાનદાસ એ. પટેલ | (પણસોરા) |
| ૫ | **યુવા ઉત્કર્ષ સમિતિ** | કન્વીનર | શ્રી ચિરાગભાઈ પી. પટેલ | (આણંદ ઘટક) |
| ૬ | **મહિલા ઉત્કર્ષ સમિતિ** | કન્વીનર | શ્રી બિન્દુબેન ડી. પટેલ | (આણંદ) |
| ૭ | **'સમાજગોષ્ઠિ' સમિતિ** | કન્વીનર | પ્રા. ડૉ. શરદભાઈ કે. પટેલ | (નરસંડા) |
| ૮ | **પ્રચાર પ્રસાર સમિતિ** | કન્વીનર | શ્રી અશ્વિનભાઈ વિ. પટેલ | (આણંદ ઘટક) |


## માતૃસંસ્થાનું મધ્યસ્થ કાર્યાલય


**'ઉત્કર્ષ' કોમ્પ્લેક્ષ**

C/o. ડી. ઝેડ. પટેલ હાયર સેકન્ડરી હાઈસ્કૂલ, ૮૦ ફુટનો રોડ,
બીગ બજાર સામે, આણંદ-૩૮૮ ૦૦૧.
Email: chhatralayanand@gmail.com

**SHRI CHAROTAR MOTI SATTAVIS PATIDAR KELAVANI MANDAL**

Registration No: A/2568/Kheda, Date: 21/04/1994

Establishment: 09/04/1994, Saturday | *Heritage of more than a century* | New No: A/1299/Anand

# Honorary Social Management Team (2019-24)


**TRUSTEES**

Shri Naginbhai M. Patel
Shri Dipakbhai C. Patel
Shri Manubhai P. D. Patel
Shri Virendra S. Patel
Shri Chandrakant V. Patel
Shri Vishnubhai V. Patel

**OFFICE BEARERS**

| | | |
|---|---|---|
| President | : | Shri Surendra M. Patel |
| Secretary | : | Dr. M. C. Patel |
| Vice President | : | Shri Chimanbhai A. Patel<br>Shri Kiran I. Patel<br>Shri Ashok R. Patel |
| Jt. Secretary | : | Smt. Madhukanta J. Patel<br>Shri Girishbhai B. Patel<br>Shri Vipulbhai V. Patel |
| Treasurer | : | Shri Girishbhai C. Patel |
| Legal Advisor | : | Shri Hemantbhai J. Patel |

Internal Auditor : Shri Bipinbhai K. Patel

**CONVENERS - SUB COMMITTEES**

| | | |
|---|---|---|
| Construction Committee | : | Shri Chimanbhai A. Patel |
| Land Acquiring Committee | : | Shri J. D. Patel (Dalal) |
| Fund Raising Committee | : | Shri Navnitbhai H. Patel |
| Financial Aid & Prize Distribution Committee | : | Dr. Sharadbhai K. Patel |
| CHARUSAT Financial Aid Distribution Committee | : | Shri Dilipbhai R. Patel |
| Publication Committee | : | Prin. R. V. Patel |
| Public Relations Committee | : | Shri Kalpesh K. Patel |
| CHARUSAT Girls Hostel Conglomerate Committee | : | Smt. Madhukanta J. Patel |
| Education Amelioration Committee | : | Shri Ashokbhai R. Patel |
| Rural Education & Extension Committee | : | Shri Pankajbhai N. Patel |
| N. R. I. Liaison Committee | : | Shri Girishbhai B. Patel |


## Education Campus –Anand

Coordinator : Shri Chirag C. Patel (Radhu)

- D Z Patel (Ramol/London) Higher Secondary School
- Late Lalitaba Vitthalbhai Patel (Ramol/Mumbai) Primary English Medium School
- Jashkamal (Milcent) Management Training Centre

## Education Campus – Kathlal

Coordinator : Shri Nayan S. Patel

CHARUSAT Vidyalaya

## CHARUSAT Campus -Changa

- Research and Innovation based **CHARUSAT University**
- 450 Bed World-Class Multi-specialty **CHARUSAT Hospital**


**Trust Office:** C/o. Charusat Campus, Changa-388 421, Ta. Petlad, Dist. Anand (Gujarat) India.
Ph:# +91-2697-265011, 265021, Email: moti27kelavanimandal@gmail.com

સળંગ અંક - ૩૨૪

## સમાજગોષ્ઠિ (માસિક)

**મંગલ પ્રારંભ :**
તા. ૦૪/૦૯/૧૯૯૫ માતૃસંસ્થા શતાબ્દી ઉજવણી ટાણે

**આદ્યસંપાદક :**
પ્રિ. આર. વી. પટેલ (પરામર્શક)

**સંપાદક વૃંદ :**

| | |
|---|---|
| પ્રૉ. ડૉ. શરદભાઈ કે. પટેલ | સંપાદક |
| ડૉ. ભાસ્કર કે. પંડ્યા (ચારૂસેટ) | સભ્યશ્રી |
| પ્રા. ડૉ. હિતેશ એન. પટેલ | સભ્યશ્રી |
| પ્રિ. ઠાકોરભાઈ જે. પટેલ | સભ્યશ્રી |
| પ્રિ. ભૂપેન્દ્ર આર. પટેલ | સભ્યશ્રી |
| પ્રિ. સુમનભાઈ જી. પટેલ | સભ્યશ્રી |
| પ્રિ. પંકજભાઈ એન. પટેલ | સભ્યશ્રી |

**પ્રકાશક :**
શ્રી ચ.મો.સ. લેઉઆ પાટીદાર સમાજ - માતૃસંસ્થા વતી ખજાનચી, શ્રી કિરણભાઈ આઈ. પટેલ

**મુદ્રક :**
ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ, આણંદ
ફોનઃ ૦૨૬૯૨-૨૪૧૨૫૪

**પ્રત :** ૫,૦૦૦

**સંપાદક :**
**પ્રૉ. ડૉ. શરદભાઈ કે. પટેલ**
ફોનઃ ૦૨૬૯૨-૨૪૮૫૨૯
શિવ-૯/બી, નાલંદાનગર સોસાયટી,
ટાઉનહોલ પાછળ, આણંદ,

**લવાજમ :**

| | | |
|---|---|---|
| આજીવન સભ્ય : | ભારતમાં | ₹ 2,500/- |
| | અમેરિકા (USA) | $ 500/- |
| | બ્રિટન (UK) | £ 300/- |

- લેખ તા. ૨૫ પહેલા સંપાદકના નામે મોકલવા.
- અંક ન મળતા સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કરી કાર્યાલયનો સંપર્ક કરવો.
- સરનામું બદલાય તો કાર્યાલયમાં લેખિત જાણ કરવી.

# સમાજગોષ્ઠિ

ઓક્ટોબર - ૨૦૨૨ | આસો - ૨૦૭૮

**સંચાલન સમિતિ :**

| | | |
|---|---|---|
| શ્રી દિનેશ સી. પટેલ | ચારૂસેટ | કન્વીનર |
| શ્રી અનિલ આર. પટેલ | માતૃસંસ્થા-છાત્રાલય | સભ્યશ્રી |
| શ્રી રાકેશ એમ. પટેલ | કેળવણી મંડળ | સભ્યશ્રી |
| શ્રી વિપુલ ભટ્ટ | ચારૂસેટ | સભ્યશ્રી |

## ક્રમિકા

- સંપાદકીય. . . ૬
- Editorial ૮
- UK સ્થિત દાતા વીણાબેન પટેલને દાનભાસ્કર એવોર્ડ પ્રદાન ૧૦
- તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તેમજ આર્થિક અનુદાન ૧૨
- Utkarsh – Multipurpose Project ૧૩
- ચરોતર લે.પા.સમાજ માતૃસંસ્થાની ૧૨મી ભજન સંધ્યા યોજાઈ ૧૬
- ચમોસ પાટીદાર કેળવણી મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ₹ 3 કરોડ ઉપરાંતની સ્કોલરશીપ ૧૭
- ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી ૧૮
- ચારૂસેટ હૉસ્પિટલ - અહેવાલ ૨૯
- EDUCATION CAMPUS, ANAND ૩૨
- Activities at JMTC ૩૩
- Charotar University of Science & Technology (CHARUSAT) ૩૨
- CHARUSAT Hospital News Bulletin ૩૬
- સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ ૩૯

**Printed by :** Angat Shah **Publisher :** Shri Kiranbhai I. Patel, **On behalf** Shri Charotar Moti Sattavis Leuva Patidar Samaj - Matrusanstha **Printed At :** Gujarat Printing Press, Anand • Ph: 02692 - 241254 **Published At:** Shri Charotar Moti Sattavis Leuva Patidar Samaj - Matrusanstha **Editor :** Pro. Dr. Sharad K. Patel

સંપાદકીય...

# યુવા પેઢીની માવજત કેવી રીતે કરીશું?

એક સર્વે જણાવે છે કે ભારતમાં આવનારાં વર્ષ - એકવીસમી સદી - યુવા વર્ગની છે. દેશના નાગરિકો, વોટર્સ, નેતાઓ, એન્જીનિયરો, ડૉક્ટર્સ, વૈજ્ઞાનિકો, વકીલો, બિલ્ડર્સ યુવાનો હશે.

બીજી બાજુ આજના યુવાનોમાં ભારતના બે વર્ગ બહુ સ્પષ્ટ તરી આવે છે. એક વર્ગ જે ઉચ્ચ મધ્યમવર્ગ કહેવાય તેમનાં સંતાનો પ્રાઈવેટ-ઈન્ટરનેશનલ કે CBSC કોર્ષની શાળાઓમાં ભણે છે- ભવિષ્યમાં વિદેશ જઈ ગ્રેજ્યુએટ કે માસ્ટર ડીગ્રી મેળવશે. વિદેશી વાતાવરણ અને સંસ્કૃતિમાં પુખ્ત બનશે, ભણીને કદાચ પાછા ફરશે તો વિદેશની સારી વાતો કરતાં અનેક દૂષણો લઈને પરત આવશે. મોંઘી ગાડીઓમાં મોડી રાત સુધી રખડવામાંથી ઊંચા નહિ આવે. કેટલાંય વ્યસનોના બંધાણી બની જીવન વેડફશે. આવા યુવાનો જ નેતા, બિલ્ડર કદાચ ઉદ્યોગપતિ બનશે જેમને બેન્કની સાદી સ્લીપ પણ બીજા પાસે ભરાવવી પડતી હશે.

બીજો વર્ગ નાના શહેરોની નાની સ્કૂલોમાં-કૉલેજમાં ભણી મધ્યમવર્ગના વિસ્તારોમાં રહેતો હશે. તેમના દિમાગ ઉપર હિન્દી ફીલ્મોની અને આધુનિક મિડિયાની અસર હશે. પરિણામે વ્યસનો, દાદાગીરી, ગૂંડાગીરી, વાળને કલર કરાવવા, ટાઈટ પેન્ટ પહેરવાં, માર્કાવાળા મોંઘા પોષાક પહેરી પોતાની આધુનિક યુવાન તરીકેની છાપ ઊભી કરવા પ્રયત્ન કરશે. ઘરના સાત્વિક ભોજન કરતાં બહારનું પ્રદુષણ યુક્ત ભોજન પ્રિય લાગતું હશે. આ ખોટા શોખ પોષવા આવકના અનેક અનુચિત રસ્તા શોધવા દિમાગ વાપરશે. સત્તા અને સંપત્તિનો ચળકાટ તેમને વહાલો લાગશે. જે માતા-પિતા સંઘર્ષ વેઠી કરકસર કરી માંડ ઊંચા આવ્યાં હોય તેમને આ સંતાનો ભવિષ્યમાં શું કરશે તેની ચિંતા સતાવતી હશે. સંતાનો સારા પગભર થાય તેવી દરેક મા-બાપની આંતરડી ઈચ્છતી હોવા છતાં આવા યુવાનો પોતાનો અતિ કિંમતી સમય, અગાધ શક્તિ અને માનવ જીવનને ઉર્ધ્વગામી બનાવવાનું શિક્ષણ મેળવવાનો મોકો ગુમાવતા હોય છે.

વર્તમાન પરિસ્થિતિ એટલી વિષમ છે, તેનો આપણને સૌને, અખબારોમાં છપાતા સમાચાર તથા દેશ-વિદેશમાં જે ઘટનાઓ આકાર લઈ રહી છે તે જોતાં લાગે છે કે માનવતા મરી પરવારી છે. વિચારો આજે દુષિત થઈ રહ્યા છે, ચિંતનની દૃષ્ટિએ સાવ કંગાળ બન્યા છે, દરેક પોતાનો સ્વાર્થ પૂરો કરવા ન ગમે તેવાં કાર્ય કરવા પણ સંકલ્પબદ્ધ બને છે, પરિણામે એકબીજાને સહયોગ આપી આગળ વધવાની ભાવના મરી પરવારી છે. યુવાનોને તેના જ સ્વજનો સાથીદારો અને સંસ્થાગત કાર્યકરો તેમજ મિત્રો પર પણ ભરોસો નથી. અન્યના સારા વિચારોને સાંભળવા, સમજવા અને ખેલદીલીથી સ્વીકારી ઊભી થતી ગૂંચવણો ઉકેલવાની વૃત્તિ નાશ પામી છે. પોતાની જ કલ્પનાઓથી મુક્ત બની, સામી વ્યક્તિના મનને સમજવાનો પ્રયત્ન કોઈને કરવો નથી. પરિણામે રોડ ઉપર બમ્પર જોતાં જેમ ગતિ ધીમી પડે છે તેમ ધીમી ગતિએ, અટકી-અટકીને, જીવન જીવાતું હોય છે.

આજની આ સમસ્યાઓનાં મૂળ ભાવનાત્મક સંકુચિતતામાં છે. આશાનાં તેજસ્વી કિરણો નજરે પડતાં નથી. આપણા જ પ્રદેશની વાત કરીએ તો આટલી મોટી વસ્તીમાં વિજ્ઞાન શિક્ષણ આપતી શાળાઓ અને વિદ્યાર્થીઓ કેટલા? ૬½ કરોડની વસ્તીમાં જુજ શાળાઓ અને લગભગ ૧½ લાખ જ વિદ્યાર્થીઓ! કેટલું નબળું ચિત્ર છે? મા-બાપને, શિક્ષકને, રાજ્યને કે સરકારને આની ચિંતા છે? કૉલેજો વધે છે- ભણનારા ઘટે છે. ઉઘડેલી કોલેજોમાં કાગડા ઉડે છે! સારું શિક્ષણ, સારા સંસ્કાર, સારું ચિંતન, રચનાત્મક પ્રવૃત્તિઓ આપતી સંસ્થાઓ કેટલી?

કોઈપણ વ્યક્તિ સમાજ, પ્રદેશ કે દેશનો વિકાસ બે મહત્ત્વનાં પાસાં ઉપર આધાર રાખે છે. તે છે શિક્ષણ અને આરોગ્ય. દરેક કુટુંબ-સમાજ-પ્રદેશ કે દેશે આવકનો



માણસ માત્રનો આદર કરવાની સમજણ જો બાળકમાં કેળવાશે તો તે કદી ક્રૂર બનશે નહીં.

મહત્તમ ફાળો આની પાછળ ફાળવવો જોઈએ. દેશની સંસ્કૃતિ અને સમૃદ્ધિ માટેનું રોકાણ ગણાય. સ્વતંત્રતા મળ્યા પછી પણ સાત દાયકાના આ આંકડા આપણને સૌને આશ્ચર્ય જન્માવે છે. આર્થિક સવલતો ઉપરાંત માનવ સંપત્તિ પણ મૂલ્યવાન બની જતી હોય છે. આવી સવલતો ધરાવનાર આંગળીના વેઢે ગણી શકાય તેવી સંસ્થાઓમાંથી જ શાનદાર વ્યક્તિઓ જરૂર નિર્માણ થતી રહી છે. જે વેઠે છે તેનો જરૂર વિકાસ થાય છે જ.

શિક્ષણનું મૂળભૂત કાર્ય વ્યક્તિમાં રહેલી શક્તિને બહાર લાવી તેનું ઘડતર કરવાનું છે. આજે માત્ર માહિતી પ્રદાન અને યાંત્રિકતા આવતાં સ્પર્ધા, દ્વેશ અને અમાનવીય વલણો ઉછરી રહ્યાં છે. શિક્ષણનો સંબંધ પ્રદાન સાથે નહિ, અસર સાથે હોય તો તેમાંથી સારાં વ્યક્તિત્ત્વ વિકસી શકે.

ઈતિહાસમાં એવા અનેક ઉદાહરણો જોવા મળે છે કે માણસની ઉણપ શોધી દીલમાં ઘર કરી બેઠેલ જખમો રૂઝવી, નિરાશા, અણઆવડત કે દુર્વ્યવહાર ઉપર પ્રેમ અને આત્મીયતાનો મલમ લગાડી સાચી દિશામાં દોરવામાં આવે તો શેતાન પણ સંત બની શકે છે. તેનું નવું કલેવર ઊભું કરી શકાય છે. સતત, સખત અને સરસ પરિશ્રમમાં આ તાકાત છે. તેનો મનોભાવ બદલી શકાય છે. માણસ તો એ જ રહે છે. આકૃતિ એ જ રહે છે, તેની ચેતના અને પ્રકૃતિ જરૂર રૂપાંતર પામે છે. આવી ભાવ સંવેદના જગાડી યુવા પેઢીને પ્રાણવાન અને સંસ્કારી બનાવવાની તાકાતની ભારતને આજે તાતી જરૂર છે.

લીડરશીપ એ વેલ્યુ સિસ્ટમ ઉપર આધારિત છે. સારા લીડરે જનતા સાથેના વ્યવહારોમાં ચોક્કસ મૂલ્યો અને વર્તનને અનુસરવું પડે છે અને તે થકી જનતામાં ઉત્સાહ પૂરો પાડી વિકટ પરિસ્થિતિમાં પણ સૌને આશાવાદી બનવા પ્રેરણા પૂરી પાડી કશું પણ અશક્ય નથી તેવા વિશ્વાસ આપી સહુમાં વિશ્વાસ વધારવો પડે છે. લીડરશીપ માટે કોઈ જેન્ડર બાઉન્ડરી પણ નથી. યાદ કરો ગાર્ગી, ધોળા, અપીલા, લોપામુદ્રા, સાવિત્રી, અનસૂયા, શાંડીલી, રાણી લક્ષ્મીબાઈ, હાડારાણી, અહલ્યાબાઈ, દુર્ગાવતી, મેડમ કામા જેવી અનેક વીરાંગનાઓએ પોતાની મમતા અને સંસ્કાર સભર શક્તિનો દૃઢ પરિચય આપી ભારતની સંસ્કૃતિને પ્રાણવાન બનાવી છે. આવાં નર અને નારી રત્નોનાં નામ પણ આ પેઢી જાણતી નહિ હોય! તેમને વાંચન-ચિંતનની પડી નથી. તેમનો આજે ૨૪ કલાકનો સાથી મોબાઈલ અને મિડિયા છે. જેણે જગત નાનું બનાવ્યું છે પણ મગજ ગરીબ બનાવ્યું છે.

આપણી સંસ્કૃતિનો આધારસ્તંભ આવાં નર અને નારી રત્નો જ છે. ભારતીય સંસ્કૃતિના પવિત્ર પ્રવાહને અખંડ રાખવામાં ભારતની આવી માનવ સંપત્તિનો સિંહફાળો છે. ભારતના ગૌરવને ભૂમંડળમાં સુરક્ષિત રાખવાનું કામ તેમણે જ કર્યું છે. આવી મહાન વ્યક્તિઓના કારણે જ ભારતીય સંસ્કૃતિ ટકી રહી છે એમ કહેવું ઉચિત લેખાશે. ભારતીય મૂળની વ્યક્તિઓ વિદેશમાં પણ આજે નેતૃત્ત્વ મેળવી રહી છે.

યુવા પેઢી પાસે સાચી દિશા નહિ હોય તો દેશ કઈ દિશામાં દોરાશે? આવનારી પેઢીના આર્થિક સુરક્ષા માટે સૌ ઘણું બધુ વિચારી રહ્યા છે પણ તેમના માનસિક સ્વાસ્થ્ય અને નૈતિક ઘડતર જેવી અગત્યની બાબત માટે કોણ વિચારશે? મા-બાપ? શિક્ષક? સરકાર? ક્યારે?

બીજી બાજુ અસહ્ય ગરમી, દુકાળ, આગ, વધારે વરસાદ, ધરતીકંપ અને પર્વતોના બરફ પીગળી દરિયાની સપાટી ઊંચી આવી રહી છે તેવા કુદરતી પરિવર્તન સામે ઝઝૂમવાનું છે ત્યારે આવનાર સંજોગોનો સામનો કરી પરિસ્થિતિ સાનુકૂળ બનાવવા ભારતની એકવીસમી સદીમાં, યુવા પેઢી યશસ્વી બને તે માટે, આવી યુવા પેઢી જેમની બુદ્ધિ, શક્તિ-ચમક જરૂર તેજ છે. તેમનાં માવતર, જે મૂલ્યનિષ્ઠ સંસ્કાર ધામોમાં શિક્ષણ આપી રહ્યા છે તેવા વિજ્ઞાનિક અભિગમો ધરાવતા શિક્ષણવિદો, સંસ્થાઓને નમૂનેદાર બનાવનાર સંસ્થાના સંનિષ્ઠ સંચાલકો અને સહકાર આપનાર ગતિશીલ રાજ્ય અને કેન્દ્ર સરકાર આ દિશામાં સવેળા જાગૃત થાય તે આજની પ્રાથમિક જરૂરિયાત જણાય છે.

–શ્રી આર. વી. પટેલ

# Editorial...

## | Happy Diwali |

Dear Readers,

| Happy Diwali |

May millions of lamps illuminate your life with endless joy, prosperity, and health forever.

May It bring universal compassion, eternal joy of peace, love and brotherhood among all.

| Happy New Year |

The Editorial Board wishes all a very HAPPY DIWALI and an ILLUMINATED NEW YEAR. Diwali is a symbol of hope and enlightenment for mankind. The light symbolises knowledge and wisdom; hence, it is celebrated as the victory of light over darkness, good over evil, and knowledge over ignorance.

Diwali is one of the major festivals celebrated by Hindus. Spectacular lights, firecrackers, irresistible traditional sweets and exchanging gifts mark the festival. Over the centuries, Diwali has become a national festival that is also enjoyed by non-Hindu communities. For instance, in Jainism, Diwali marks the nirvana, or spiritual awakening of Lord Mahavira on October 15, 527 B.C.; in Sikhism, it honours the day that Guru Hargobind Ji, the Sixth Sikh Guru, was freed from imprisonment. Buddhists in India celebrate Diwali as well.

The festival gets its name from the row (avali) of clay lamps (deepa) that Indians light outside their homes to symbolize the inner light that protects from spiritual darkness. Usually, it lasts for five days during the Hindu lunisolar month of Kartika. On the day one, people clean their homes and shop for gold or kitchen utensils to help bring good fortune. On day two, people decorate their homes with clay lamps and create design patterns called rangoli on the floor using colored powders or sand. Day three is considered to be one of the main days of the festival. Families gather for Lakshmi Puja followed by mouth-watering feasts and firework festivities. Day four is Kali Chaudas or Narak Nivaran Chaturdashi. It is considered to be the most highly conducive for conducting remedies to ward off evil spirits. Importantly, day five is marked with fireworks and festivity being the day of Diwali itself. Following day, the new year starts with all zeal and enthusiasm; new hopes and aspirations; and rejuvenated spirits and commitments. Friends and relatives visit one another with gifts and best wishes for the season. It is followed by Bhai Dooj (Bij) when brothers visit their (married) sisters, who welcome them with love and a lavish meal.

The festival of Diwali is widely associated with Lakshmi, goddess of prosperity and Ganesha, god of wisdom and the remover of obstacles. The festival also connects with many other regional traditions concerning Sita and Rama, Vishnu, Krishna, Durga, Shiva, Kali, Hanuman, Kubera, Yama, Yami, Dhanvantari, or Vishvakarman. In all, there are seven different reasons why different parts of India celebrate Diwali, which is being celebrated today. They are as follows:

According to the most popular tradition, Diwali is celebrated as the day Goddess Lakshmi was born from Samudra Manthan, the churning of the cosmic ocean of milk by the gods and demons. Lakshmi chose Vishnu as her husband on the night of Diwali, and the two were bonded in holy matrimony. In Northern India, Diwali is a celebration of the day Rama returned to his kingdom in Ayodhya with Sita and Lakshmana after defeating Ravana in Lanka and serving 14 long years of exile. In the epic Mahabharata, the five Pandava brothers had been tricked into losing a bet in gambling after which the Kauravas banished them for 12 years. As per the epic, Diwali is the day on which the Pandavas return to Hastinapur on the night of Kartik Amavasya. In Sikhism, Diwali is related to the event of Guru Hargobind's release by Mughal emperor Jehangir. In Jainism, the festival of Diwali is celebrated to observe the anniversary of Mahavira's soul finally attaining Nirvana. In some states in western India, such as Gujarat, the festival of Diwali signifies the start of a new year. Eastern India, especially West Bengal, celebrates Diwali as Kali Puja, in honour of Goddess Kali, who is known to have gone on a destructive rampage to cleanse the earth of all demons. Southern India celebrates it as the day that Lord Krishna

defeated the demon Narakasura. In western India, the festival marks the day that Lord Vishnu, the Preserver (one of the main gods of the Hindu trinity) sent the demon King Bali to rule the nether world. Finally, Hindus interpret the Diwali story based upon where they live. But there is one common theme no matter where people celebrate: the victory of good over evil. It is marked with:

**Cleansing the house**

Much before Diwali, it is time to throw away unwanted items, clean, repaint and refurbish homes depending on the budget. The tradition behind this is that Goddess Lakshmi graces those homes that are absolutely clean. Thus, many decorate their homes with accessories like strings of lights, streamers ribbons, etc. Using coloured powder or flower petals, colorful rangolis in traditional patterns are drawn at the doorways.

**Making sweets**

While there are many options for sweet delicacies in the market, people still prepare lots of mithais and savouries at homes. Sev, Gujiya, Farsan, Chivda, various laddoos, barfi, chakli etc., the list is endless as different regions have different specialities which are made and then distributed to immediate family and relatives and those visiting the house on this occasion.

**Shopping**

Diwali seems like one of the biggest shopping festivals in India since it is auspicious for buying new things. On the day of Dhanteras, it is considered good to buy gold and silver coins as well as jewellery. Kitchenware like utensils too are considered a good buy on this occasion. Electronics, gadgets, furniture, clothes, etc. people buy for themselves and also for gifting purposes. It is also known to be a good time to invest; so, new property and vehicles too are in big demand during this season.

**Lighting Up the house**

Illumination of homes is a must to invite the goddess of good fortune – Goddess Laxmi into one's home. And the traditional way to do it is by lighting handmade earthen lamps with oil. Placed on window sills, and doorways, they add a glittering light to the darkest corners of the house.

**Lighting Up the house**

Illumination of homes is a must to invite the goddess of good fortune – Goddess Laxmi into one's home. And the traditional way to do it is by lighting handmade earthen lamps with oil. Placed on window sills, and doorways, they add a glittering light to the darkest corners of the house.

**Bursting firecrackers**

To celebrate the victory of good over evil, the most joyous tradition of Diwali is to burst firecrackers. Numerous sparkles of noise free firecrackers glitter the sky and while those making sound go on through the night. It is believed that the sound and light of firecrackers helps ward off evil spirits.

**Having parties**

Diwali is a time for get-togethers and parties. Festive family meals either at homes or outside restaurants too is a tradition and mark of celebration.

**Giving gifts**

Giving Diwali gifts to friends, relatives and other contacts is one of the most important traditions of Diwali. Earlier boxes of sweets or dry fruits were gifted but now right from food baskets, electronic appliances, gift vouchers to personal consumer products make it to the list.

**Rangoli**

Decorating the entrance is of foremost importance while decorating the house, after all that is the place from where Lakshmi (the goddess of wealth) enters the house. So, people make beautiful rangolis using vibrant colours or flowers at their doorsteps. People even decorate their rangolis with diyas. A variety of designed stencils are also available in the market to make the rangoli-making task easier!

Thus, Diwali celebrations have become an integral part of Indian culture. It is known as the festival that brings people closer together. It is also a time where many people donate clothes and other items to the poor and needy. This symbolizes the true meaning of Diwali, as we try to help those in need and drive away the darkness from their lives as well.

**Please note:**

The editorial comprises ideas and content available on different media and appreciatively acknowledges them.

# UK સ્થિત દાતા વીણાબેન પટેલને દાનભાસ્કર એવોર્ડ પ્રદાન

## ચારુસેટમાં લલિતાબેન જશભાઈ પટેલ ઓબ્સ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજિકલ લેબોરેટરીનું નામાભિધાન

ચારૂસેટ કેમ્પસ માટે રૂપિયા 1 કરોડનું માતબર દાન આપનાર મૂળ સુણાવના વતની અને હાલમાં UK સ્થિત વિખ્યાત દાતા વીણાબેન પટેલને શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળના ઉપક્રમે 29મી સપ્ટેમ્બરે, ગુરુવારે  ચારૂસેટ કેમ્પસમાં દાનભાસ્કર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.  આ દિવસે ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન મણિકાકા ટોપાવાળા ઇન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ (MTIN) માં વીણાબેન પટેલના માતુશ્રીની સ્મૃતિમાં લલિતાબેન જશભાઈ પટેલ (નાર) ઓબ્સ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજિકલ લેબોરેટરીનું નામાભિધાન કરવામાં આવ્યું હતું.  વીણાબેન પટેલના હસ્તે તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ રીબીન કટિંગ અને દીપ પ્રાગટય કરી  લેબોરેટરીનું ઉદઘાટન  કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે અધ્યક્ષસ્થાને કેળવણી મંડળ-ચારુસેટના પ્રમુખ શ્રી સુરેન્દ્ર પટેલ, માતૃસંસ્થા અને CHRFના પ્રમુખ શ્રી નગીનભાઈ પટેલ, માતૃસંસ્થા–કેળવણીમંડળના–CHRFના મંત્રી ડો. એમ. સી. પટેલ  કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી સી. એ. પટેલ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી કિરણભાઈ પટેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી અને CHRFના ઉપપ્રમુખ વીરેન્દ્રભાઈ પટેલ,સહમંત્રી શ્રીમતી મધુબેન પટેલ, માતૃસંસ્થાના  ટ્રસ્ટી પ્રિ. આર. વી. પટેલ,  વી. એમ. પટેલ,  એડવાઈઝર ડો. બી. જી. પટેલ, સી. એસ. પટેલ, ચારૂસેટ યુનિવર્સીટીના પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાય, માતૃસંસ્થા–કેળવણી મંડળ-ચારુસેટ-CHRFના પદાધિકારીઓ, હોદેદારો, ચારૂસેટની વિવિધ કોલેજોના પ્રિન્સીપાલો, ફેકલ્ટી, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દાતા વીણાબેન પટેલના પરિવારજનો બહેન પુર્ણિમાબેન, દીકરી જાગૃતિબેન, પૌત્ર વગેરે ખાસ UKથી હાજર રહ્યા હતા.

શરૂઆતમાં ચારુસેટના વિદ્યાર્થીઓએ પ્રાર્થના રજૂ કરી હતી. સ્વાગત પ્રવચન કરતાં કેળવણી મંડળના ટ્રસ્ટી અને CHRFના ઉપપ્રમુખ વીરેન્દ્રભાઈ પટેલે આમંત્રિતો મહેમાનો, સૌ ઉપસ્થિતોને આવકાર્યા હતા અને કહ્યું કે વીણાબેન યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે.

સહમંત્રી શ્રીમતી મધુબેન પટેલે આમંત્રિત મહેમાનોનો પરિચય આપ્યો હતો અને વીણાબેનના સત્કાર્યોની ઝાંખી કરાવી હતી અને જણાવ્યું હતું કે ગર્ભ શ્રીમંત વીણાબેને પોતે કમાયેલું ધન સતકાર્ય માટે વાપર્યું છે. વીણાબેન દ્વારા વિવિધ ક્ષેત્રે દાનનો પ્રવાહ વહેવડાવ્યો છે.

ત્યાર બાદ દાતા વીણાબેન પટેલ તેમજ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કેળવણી મંડળના ઉપપ્રમુખ કિરણભાઈ પટેલે માતૃસંસ્થા-કેળવણી મંડળ-ચારુસેટ-CHRFની સ્થાપના વિષે અને 1895 થી 2022 સુધીની યાત્રાની વિગતવાર માહિતી આપી હતી.

દાનભાસ્કર એવોર્ડ વિષે ‘સમાજગોષ્ઠિ ના તંત્રી ડો. શરદ પટેલે જણાવ્યુ કે  માતૃસંસ્થા, કેળવણીમંડળ અને CHRFની સહિયારી સમાજયાત્રા, સહિયારી શિક્ષણયાત્રા અને સહિયારી સ્વાસ્થ્યયાત્રામાં અત્યાર સુધીમાં 2000 થી વધુ દેશવિદેશના દાતાઓના સહયોગથી રૂ.  200 કરોડ ઉપરાંતનું ફંડ પ્રાપ્ત થયું છે. જેમાં રૂ. 1 કરોડ અને તેથી વધુ રકમનું દાન આપનારા 47 વિશિષ્ટ દાતાઓ સમાવિષ્ટ છે. જેઓને કેળવણી મંડળની પરંપરા મુજબ ‘દાનભાસ્કર’ એવોર્ડ અને સન્માનપુષ્પથી નવાજવામાં આવે  છે. આ  30મો ‘દાનભાસ્કર’ એવોર્ડ સમારંભ છે.

દાનભાસ્કર એવોર્ડ અને દાતાના સન્માનપુષ્પનું વાંચન ચારૂસેટ યુનિવર્સીટીના રજીસ્ટ્રાર ડૉ. દેવાંગ જોશીએ કર્યું હતું.

શ્રી સી. એ. પટેલ અને શ્રી અશોકભાઈ પટેલના હસ્તે દાતા વીણાબેન પટેલને પુસ્તકો અને છોડ-પ્લાન્ટ અર્પણ કરી જન્મદિન 28મી સપ્ટેમ્બર નિમિત્તે શુભકામના પાઠવવામા આવી હતી.

શ્રી નગીનભાઈ પટેલના હસ્તે દાતા વીણાબેન પટેલને સન્માનપુષ્પ અર્પણ કરાયું હતું અને શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું અને કેળવણી મંડળ-ચારુસેટના પ્રમુખ શ્રી સુરેન્દ્ર પટેલના હસ્તે દાનભાસ્કર એવોર્ડ અર્પણ થયો હતો.

ઉલ્લેખનીય છે કે પ્રોપર્ટી બિઝનેસમાં વર્ષોથી સંકળાયેલા શ્રી વીણાબેન પટેલ 50 વર્ષથી UKમાં સ્થાયી થયા છે અને સમાજને પરત આપવાની ભાવનાથી ચારુસેટ કેમ્પસમાં દાનનો પ્રવાહ વહેવડાવ્યો છે અને ચારૂસેટ યુનિવર્સીટીને રૂ. 1 કરોડનું માતબર દાન આપ્યું છે. જેમાં રૂ. 85 લાખની લેબ અને રૂ. 15 લાખ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ માટે છે. UKને કર્મભૂમિ બનાવ્યા છતાં માદરે વતન ચરોતરને ન ભૂલનાર અને ભારત તથા દુનિયાભરમાં સ્કૂલો અને લેબોરેટરીનું નિર્માણ, સ્કોલરશીપ, વૃદ્ધાશ્રમ, હોસ્પિટલ, ગાર્ડન વગેરે માટે માતબર દાન આપનાર વીણાબેન નિષ્કામ સેવાવૃત્તિ માટે જાણીતા છે.

દાતા વીણાબેન પટેલે સન્માનનો પ્રતિભાવ વ્યક્ત કરતા જણાવ્યુ હતું કે આ એવોર્ડ આપ સૌ સમક્ષ સ્વીકારતા આનંદની લાગણી વ્યક્ત કરું છું. મારા પતિ મારી ક્ષમતા સમજતા હતા અને મારા દરેક કાર્યમાં પડખે ઉભા રહેતા હતા. મે મારા જીવનમાં ક્વિન જેવુ કાર્ય કરી બતાવ્યું છે. વીણાબેને વિદ્યાર્થિનીઓને જીવનમાં આગળ આવવા માટે ઝાંસીની રાણી બનવા અનુરોધ કર્યો હતો.

તેમના પૌત્રે જણાવ્યુ કે વીણાબા અમારા પરિવાર માટે પ્રેરણારૂપ છે અને ગૌરવ છે. તેમના દીકરી જાગૃતિબેને કહ્યું કે મમ્મી અમારા માટે પ્રેરણા-ફોર્સ-સપોર્ટ છે. તેમના પાસેથી અમે જીવનમાં નૈતિકતા-એથીક્સ શીખ્યા છીએ.

વી. એમ. પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

ડો. એમ. સી. પટેલે કહ્યું કે લોહપુરુષ સરદાર પટેલની ચરોતર ભૂમિ છે જેમાં આપણે ચાંગાના વગડામાં ધૂણી ધખાવી છે ત્યારે ચારુસેટને નાલંદા તક્ષશિલા તેમજ ઓક્સફર્ડ કક્ષાની યુનિવર્સિટી બનાવવાનું અમારું સપનું છે. આ માટે ચારુસેટ કેમ્પસ, વિદ્યાનગરમાં ચારુતર વિદ્યા મંડળ, નડિયાદમાં મહાગુજરાત મેડિકલ સોસાયટી એકસાથે ભેગા મળી સહિયારો પુરુષાર્થ આદરે તેવી અપેક્ષા છે. તેમણે વીણાબેન પરિવાર સાથે અમારું બોન્ડિંગ કાયમ રહે તેવો અનુરોધ દર્શાવ્યો હતો.

અધ્યક્ષસ્થાનેથી શ્રી સુરેન્દ્ર પટેલે કહ્યું કે ચારુસેટની પ્રગતિનું કારણ વીણાબેન જેવા દાતાઓ છે. દાતાની ભાવના સારી હોય તો કામ સારું થાય છે તે વાતની પ્રતીતિ આ વર્લ્ડ ક્લાસ લેબ નિહાળીને થઈ છે. પોતે કમાય અને ખાય એ પ્રકૃતિ છે, બીજાનું લઈ પોતે ખાય તે વિકૃતિ છે, પરંતુ પોતે કમાઈને બીજાને આપે તે સંસ્કૃતિ છે આપણા દેશની આ સંસ્કૃતિ વીણાબેને પચાવી છે. તેમણે વીણાબેનના પરિવારનો પણ આભાર વ્યકત કર્યો હતો. વિદ્યાર્થીઓને આ વર્લ્ડ ક્લાસ લેબનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

માતૃસંસ્થાના સહમંત્રી ભારતીબેન પટેલે આભારવિધિ કરી હતી. સમારંભનું સંચાલન I2IMના આસિસ્ટન્ટ પ્રોફેસર લિપિ આચાર્ય અને આસિસ્ટન્ટ પ્રોફેસર વિજય મકવાણાએ કર્યું હતું.

**લલિતાબેન જશભાઈ પટેલ ઓબ્સ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજિકલ લેબોરેટરી**

આ નવનિર્મિત લેબોરેટરી વિષે માહિતી આપતા MTIN ના પ્રિન્સિપાલ ડો. અનિલ શર્મા, ઓબ્સ્ટેટ્રિક

એન્ડ ગાયનેકોલોજિકલ ડિપાર્ટમેન્ટના વડા ડો. અંજલિ તિવારી અને લેબના ઇન્ચાર્જ નર્સિંગ ટ્યૂટર ઈશિતા શાહે જણાવ્યુ હતું કે રૂ. 85 લાખના ખર્ચે નિર્મિત આ લેબમાં કુલ 7 કેબિન છે જેમાં પ્રેગનન્સીથી લઈને બેબીનો જન્મ થાય ત્યાં સુધીની બધી પ્રોસેસીજર વિદ્યાર્થીઓને બતાવી શકાય છે. આ લેબ નર્સિંગના વિદ્યાર્થીઓ અને મિડવાઇફરી અને ઓબ્સ્ટેટ્રિક્સના ફેકલ્ટી-સ્ટાફની શૈક્ષણિક તાલીમ માટે ઉપયોગી થશે. લેબમાં વિવિધ પ્રકારના મેનેક્વિન ઉપલબ્ધ હશે, જે ક્લિનિકલ ટ્રેનીંગ પહેલાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મદદરૂપ થશે.

આ લેબમાં એન્ટી નેટલ, ઇન્ટ્રાનેટલ, પોસ્ટપાર્ટમ સમયગાળો તેમજ નવજાત શિશુની સંભાળ જેવા વિવિધ તબક્કાઓ દ્વારા ગર્ભાવસ્થા અને બાળજન્મના મૂલ્યાંકનને લગતી તાલીમ ઉપલબ્ધ કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓને તેમના થિયોરિટીકલ નોલેજને વિવિધ ક્લિનિકલ પરિસ્થિતિમાં કાળજીપૂર્વક બનાવવામાં આવેલા હેન્ડ-ઓન સીનારિયોમાં લાગુ કરવામાં મદદ કરશે. દર્દીઓને જોખમમાં મૂક્યા વિના કેટલીક અસામાન્ય પરિસ્થિતિઓનો સામનો કરવાનું શીખવવામાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી મદદ કરશે એકંદરે આ લેબ સક્ષમ મિડવાઇફ તૈયાર કરવામાં મદદરૂપ થશે જે ક્લિનિકલ પરિસ્થિતિઓને અસરકારક રીતે હેન્ડલ કરી શકશે.

## શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ, આણંદ દ્વારા
# તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તેમજ આર્થિક અનુદાન

શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ, આણંદ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે માર્ચ-૨૦૨૨ની એસ.એસ.સી. (ધોરણ-૧૦), એચ.એસ. સી. (ધોરણ-૧૨) વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહની પરીક્ષાઓમાં સમાજ માતૃસંસ્થાના ગ્રામ્ય/શહેરી ઘટકોના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોનું દર વર્ષ મુજબ પ્રમાણપત્રો તથા ઈનામ અર્પણ કરીને સન્માન કરવામાં આવનાર છે. આ સન્માન તથા ઈનામો સ્વ. મણીબા મણીભાઈ ઝવેરભાઈ પટેલ (ગાડા/યુ.એસ.એ.) ટ્રસ્ટ ફંડમાંથી અર્પણ કરવામાં આવે છે.

સમાજ માતૃસંસ્થાના ગ્રામ્ય/શહેરી ઘટકોના તેજસ્વી પરંતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉચ્ચ શિક્ષણ માટે શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ, આણંદ તરફથી આર્થિક અનુદાન પણ આપવામાં આવે છે. ૫૦%થી ઓછા ગુણ પ્રાપ્ત કરનાર શૈક્ષણિક પારિતોષિક તેમજ આર્થિક અનુદાન માટે પાત્ર થતાં નથી.

પારિતોષિક માટેની લાયકાત ધરાવતા વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા આર્થિક અનુદાન મેળવવા ઈચ્છતા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ, સેન્ટ્રલ એડમિન બિલ્ડીંગ, ચારુસેટ કેમ્પસ, ચાંગાના કાર્યાલયમાંથી તા. ૨૨/૦૮/૨૦૨૨થી ઑફિસ સમયમાં (સવારે ૯:૩૦ થી ૩:૦૦ કલાક સુધી) ફોર્મ મેળવી લેવા અને તા. ૩૧/૧૦/૨૦૨૨ સુધીમાં સંપૂર્ણ વિગતો ભરીને મોકલી આપવા, તે પછી ફોર્મ સ્વીકારવા શક્ય બનશે નહિ. તેમ આર્થિક અનુદાન તેમજ પારિતોષિક સમિતિના કન્વીનર પ્રા. શરદભાઈ કે. પટેલ (નરસંડા/આણંદ) દ્વારા જણાવાયું છે.

(૬૬ ગ્રામીણ અને દેશ-વિદેશનાં ૯ શહેરી ઘટકોમાં વિસ્તરેલ ૨૭૦૦૦ પરિવાર)

**શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ - માતૃસંસ્થા**

સ્થાપના : સંવત ૧૯૫૧ ના જેઠ સુદી - ૧૨ને સોમવાર તા. ૪-૬-૧૮૯૫
બંધારણીય માળખાની રચના : તા. ૩૧/૫/૧૯૮૭

નોંધણી ક્રમાંક : એફ / ૩૯૫/ખેડા, તા. ૪/૬/૧૯૮૭
ગુજ. /૫૮૭/ખેડા, તા. ૨૯/૮/૧૯૮૭

નવો નંબર : એફ /૨૫૪/આણંદ.


પ્રમુખ
શ્રી નગીનભાઈ એમ. પટેલ

ઉપ પ્રમુખ
શ્રી નવનીતભાઈ એચ. પટેલ
શ્રી ગિરિશભાઈ બી. પટેલ

મંત્રી
ડૉ. એમ. સી. પટેલ

ખજાનચી
શ્રી કિરણભાઈ આઈ. પટેલ

સહ મંત્રી
પ્રિ. ધીરુભાઈ સી. પટેલ
શ્રી વિપુલભાઈ વી. પટેલ
શ્રી ભારતીબેન પી. પટેલ

ઈન્ટરલ ઓડિટર
શ્રી પ્રિતેશ એમ. પટેલ


# Appeal to contribute for the development of Mega Project *Utkarsh* –a Multicultural Complex

It's a matter of great pleasure that Shri Charotar Moti Sattavis Leuva Patidar Samaj – Matrusanstha has initiated ***Utkarsh*** Project- a Multicultural Complex in Vallabh Vidhyanagar.

As you are aware that Charotar Moti Sattavis Leuva Patidar Samaj – Matrusanstha (established in 1895) is a 125 years old Social Organization, established with an aim to bring about social reforms. It is also serving the society by providing support activities through a Convention Centre – Pramukhswami Sanskrutik Kendra at Piplag & Hostel called Chhotabhai Bhikhabhai Patel Chhatralaya in Anand for needy students.

**About Utkarsh Project**
Utkarsh is a project which will be built on the site of Samaj Chhhatralaya at Vallabh Vidhyanagar. The Bhoomi Pujan Ceremony was held on 16th April 2022 in the gracious presence of Pujya Swami Sachchidanandji Maharaj, Padmabhushan and Revolutionary Saint and eminent guests.

**Utkarsh** is envisioned to have a World-class Complex- a **Six-story Building** having the Central Head Quarters of Matrusanstha, Hostel, Physiotherapy Centre, Audio Visual Rooms, Conference Room, Auditorium, Shopping Complex with modern allied facilities. The estimated cost is Rs. 25 Crores.

It's worth mentioning that Matrusanstha has once again received blessings from Padmbhushan Swami Sachchidanandji Maharaj, a Revolutionary Saint who contributed Rs**. 11 lakhs** in this mega project. Matrusanstha has already started receiving donation for the project. Construction work is in progress.

We make an ardent appeal to contribute for the development of Utkarsh project by generous donations starting at of **Rs. 1 lakh**. The list of valued donors shall be published in Samajgosththi- a monthly magazine of Matrusanstha.

We hope that all will come forward and Join our સહિયારી સમાજ, શિક્ષણ અને સ્વાસ્થ્ય યાત્રા by contributing for the noble cause which at large will help the community.

**Tax Exemption India:**
All the Donations are exempted from income tax under section 80G (5) of Income Tax act.

**Dr. M. C. Patel**
**Secretary**
**C.M.S.L.P.Samaj-Matrusanstha**

મુખ્ય કાર્યલય : C/o. ડી. ઝેડ. પટેલ હાયર સેકન્ડરી હાઈસ્કૂલ
વિદ્યાવિહાર માર્ગ, ૮૦ ફુટનો રોડ, આણંદ-૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ (ગુજરાત). ફોનઃ ૦૨૬૯૨-૨૪૮૫૨૯
સમાજ સંચાલિત : પ્રમુખ સ્વામી સાંસ્કૃતિક કેન્દ્ર - સમાજ વાડી
હાઈવે ચોકડી પાસે, પીપલગ-૩૮૭ ૩૫૫, તા. નડીઆદ. જિ. ખેડા. મો. ૯૭૨૭૩ ૯૭૨૪૨
કરમુક્તિ : સંસ્થાને અપાતાં દાન ઉપર દાતાને ઈન્કમટેક્ષમાં ૮૦ (જી) હેઠળ કરમુક્તિમાં રાહત મળે છે.



| UTKARSH – MULTIPURPOSE PROJECT | |
|---|---|
| **DONATION STRUCTURE FOR DONORS** | |
| Any Floor | ₹ 51,00,000 |
| 1st Floor Dining Hall | ₹ 30,00,000 |
| 6th Floor Hospital | ₹ 25,00,000 |
| Computer Lab | ₹ 15,00,000 |
| Administration Office & Waiting Area | ₹ 15,00,000 |
| Multi purpose Hall | ₹ 11,00,000 |
| IAS/IPS Class Room | ₹ 10,00,000 |
| Library | ₹ 10,00,000 |
| Room-Hostel | ₹ 4,75,000 |

| UTKARSH PROJECT BANKING DETAILS | |
|---|---|
| **Account Name:** | Charotar Moti Sattavis Leuva Patidar Samaj (Matrusanstha) |
| **Account No. :** | 07550100009221 |
| **IFSC Code:** | BARB0VALLAB (Fifth Character is Zero) |
| **Bank Name:** | Bank of Baroda |
| **Branch Name:** | Vallabh Vidhyanagar, Gujarat |

# Matrusanstha: UTKARSH Project

**Valued Donors:** Contribution: ₹ 1 Lac & above

**Blessings Padma Bhushan**
**Swami Shree Sachidananadji Maharaj, Dantali Ashram, ₹ 11,00,000/-**

| No. | Name | Native / Residence | Actual Received ₹ |
|---|---|---|---|
| 1 | Late Manibhai jijibhai Patel Haste: Bhaskarbhai M Patel Parivar | Mahelav | 5,00,000 |
| 2 | Shri charotar Moti Sattavis Patidar samaj | Ahmedabad Ghatak | 5,00,000 |
| 3 | Late Shardaben Babubhai C.Patel | Mahudha/U.S.A | 5,00,000 |
| 4 | Smt Purnimaben Yashvantbhai Patel | Mahudha/Changa/Vadodara | 5,00,000 |
| 5 | Shri Bhanuben Vinubhai Patel | Dabhou | 5,00,000 |
| 6 | Late Chandrikaben & Late Mohanbhai Motibhai Patel<br>Haste: Shri Prashantbhai Mohanbhai Patel | Bhatera / Ahmedabad | 5,00,000 |
| 7 | Dr. Ambubhai Shivabhai Patel | Narsanda / USA | 3,00,000 |
| 8 | Shri Dhirendrakumar Chunibhai Patel | Bakrol / USA | 2,51,000 |
| 9 | Shri Chandrakantbhai Manibhai Patel | Bakrol | 2,50,000 |
| 10 | Sharda M.C. Patel | Khandhali / USA | 2,01,001 |
| 11 | Shri Jashbhai Harmanbhai Patel | Bandhani | 2,00,000 |
| 12 | Jayaben R.V. Patel | Mahudha / USA | 1,51,000 |
| 13 | Jogidas Patidar Samaj –MAHESHBHAI | Vaso | 1,11,111 |
| 14 | Shri Chiragbhai Rajnikant Patel | Piplag | 1,11,111 |
| 15 | Shri Ajarpura Seva Samaj | Ajarpura | 1,00,000 |
| 16 | Shri Jayantibhai Dahyabhai Patel | Changa | 1,00,000 |
| 17 | Shri Jashbhai Purshottambhai Patel | Chaklasi | 1,00,000 |
| 18 | Dr. Shardbhai Khodabhai Patel | Narsanda / Anand | 1,00,000 |
| 19 | Shri Virendrabhai Shantilal Patel | Changa / USA | 1,00,000 |
| 20 | Late Mrs.Anjaliben Kiranbhai Patel | Anand (Motu Adadh) | 1,00,000 |
| 21 | Shri Girishbhai Baldevbhai Patel | Mahudha / Nadiad | 1,00,000 |
| 22 | Shri Bhartiben Pravinbhai Patel | Ajarpura / Ahmedabad | 1,00,000 |
| 23 | Shri Vinaybhai Narendrabhai Patel | Pansora | 1,00,000 |
| 24 | Nalinbhai Viththalbhai Patel | Narsanda | 1,00,000 |
| 25 | Shri Mitenkumar Vipinbhai Patel | Maholel | 1,00,000 |
| 26 | Shri Ramdas Patidar Samaj | Thasara | 1,00,000 |
| 27 | Dr. Rajnikant Mulajibhai Patel | Anand | 1,00,000 |
| 28 | Late Anitaben Thakorbhai Patel Haste: Thakorbhai Jashbhai Patel | Gada/lambhvel | 1,00,000 |
| 29 | Shri Vaheribhai Motibhai Patel<br>Haste:Shri Rakeshbhai Vaheribhai Patel & Hareshbhai Vaheribhai Patel | Ajarpura | 1,00,000 |
| 30 | Late Kaushikbhai Chunibhai Patel Haste: Shri Ketan Kaushikbhai Patel | Matar/Ahmedabad/UK | 1,00,000 |
| 31 | Shri Rameshbhai Shivabhai Patel | Malataj/Anand | 1,00,000 |
| 32 | Late Shantaben Maganbhai Bhulabhai Patel Haste: Smt Sunandaben Bhaskarbhai Patel | Malataj/U.K | 1,00,000 |
| 33 | Sr. Citizen Club-Nadiad Charotar Moti Sattavis Leua Patidar Samaj | Nadiad | 1,00,000 |
| 34 | Shri Bhagubhai Ashabhai Patel | Pansora/Anand | 1,00,000 |
| 35 | Shri Chandrikaben Harishbhai Patel | Mahudha/Dakor | 1,00,000 |
| 36 | Shri Chandrakantbhai Vitthalbhai Patel | Ramol/Mumbai | 1,00,000 |
| 37 | Dr. Harishbhai Ramanbhai Patel | Bhadaran/USA | 1,00,000 |
| 38 | Shri Chiragbhai Punambhai Patel | Kamjari/Anand | 1,00,000 |
| 39 | Shri Chiragbhai Chandrakantbhai Patel | Radhu/Bakrol | 1,00,000 |
| 40 | Shri Prafulbhai Purshottambhai Patel | Piplav/USA | 1,00,000 |
| 41 | Shri Bhaveshbhai Ramanbhai Patel | Ajarpura | 1,00,000 |
| 42 | Shri Sureshbhai Naranbhai Patel | Khandhali/Anand | 1,00,000 |
| 43 | Shri Kantibhai Bavajibhai Patel | Narsanda/V.V.Nagar | 1,00,000 |

# ચરોતર લે.પા.સમાજ માતૃસંસ્થાની ૧૨મી ભજન સંધ્યા યોજાઈ

**બિંદુબેન પટેલ**, કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ

શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ, માતૃસંસ્થાની ૧૨મી ભજન સંધ્યા તાજેતરમાં શ્રી પ્રમુખ સ્વામી સાંસ્કૃતિક કેન્દ્ર, સમાજવાડી પીપલગ ખાતે યોજાઈ હતી. જેમાં મુખ્ય પ્રાયોજક તરીકે શ્રીમતિ સરોજબેન વી.એમ. પટેલે (બાંધણી/નડિયાદ) પોતાની સેવાઓ પ્રદાન કરી હતી.

ભજન સંધ્યામાં નીચેના ઘટકોએ ઉત્સાહથી ડ્રેસકોડ-સંગીત અને લયબદ્ધ રજૂઆત કરી ધાર્મિક દૃશ્યોની રજૂઆત કરી સૌને અપૂર્વ સત્સંગનું વાતાવરણ ખડું કર્યું હતું. ભજનસંધ્યાના આયોજન પૂર્વ મહિલા ઉત્કર્ષ સમિતિના સભ્યશ્રીઓ કામિનીબેન, નિમિષાબેન, પારૂલબેન સાથે કન્વીનર બિંદુબેન અને સહમંત્રી ભારતીબેને ૩ દિવસ વિવિધ ઘટકોની સમાજયાત્રા યોજી બહેનોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ભજન સંધ્યાની શરૂઆતમાં દાતા સરોજબેન વી.એમ. પટેલ માતૃસંસ્થાના મંત્રી ડૉ. એમ. સી. પટેલ, સહમંત્રી ધીરૂભાઈ પટેલ, પ્રોજેક્ટ ચેરમેન વી.એમ. પટેલ, સહમંત્રી ભારતીબેન પટેલ તથા મહિલા કન્વીનર બિન્દુબેન પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખૂલ્લો મૂક્યો હતો.

આ પ્રસંગે યોજાયેલ દાતાઓના સન્માન સમારોહ દરમ્યાન માતૃસંસ્થાના ટ્રસ્ટીઓ જશભાઈ પટેલ, ટ્રસ્ટી આર.વી. પટેલ વિવિધ સમિતિઓના કન્વીનરો ચિરાગ પટેલ (પીપલગ), ભગુભાઈ પટેલ, કલ્પેશ પટેલ, ચિરાગ પટેલ (કણજરી), ભાનુભાઈ પટેલ, કાન્તીભાઈ, અશ્વિનભાઈ પટેલ, ડી.ઝેડ. પટેલ હાઈસ્કૂલના કો-ઓર્ડિનેટર ચિરાગ પટેલ (રઢુ), ઉપપ્રમુખ ગીરીશભાઈ પટેલ (નડિયાદ), મહિલા ટીમની બહેનો કામિનીબેન પટેલ (વડોદરા ઘટક), નિમિષાબેન પટેલ (સલુણ), પારૂલબેન પટેલ (અલિન્દ્રા, મહોળેલ), અલ્પાબેન



પટેલ (ચકલાસી) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન સરોજબેન કાન્તિભાઈ પટેલ (નરસંડા) તથા મહિલા કન્વીનર બિન્દુબેન પટેલે કર્યું હતું. આ પ્રસંગે માતૃસંસ્થાના નવનિર્મિત ઉત્કર્ષ પ્રોજેક્ટ માટે ધીરૂભાઈ ચુનીભાઈ પટેલ (બાકરોલ) દ્વારા ₹ ૧,૫૧,૦૦૦, ચંદ્રભાઈ મણીભાઈ પટેલ (બાકરોલ) ₹ ૧,૫૦,૦૦૦, ચિરાગ રજનીકાન્ત પટેલ (પીપલગ) ₹ ૧,૧૧,૦૦૦ તથા સિનિયર સિટીઝન ક્લબ નડિયાદ ઘટક દ્વારા ₹ ૧,૦૦,૦૦૦નો ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

નીચે આપેલા ગામોએ આ ભજન સંધ્યામાં ભાગ લીધો હતો.

ચકલાસી, કણજરી, પીપલગ, પલાણા, અજરપુરા, ગંભીરા, મલાતજ, લીંબાસી, નેસ, ઠાસરા, આંત્રોલી, ભાટેરા, વાંઠવાળી, કાલસર, દેવા, ત્રાણજા, વસો, મહેળાવ, નાપાડ, પીપળાવ, બાકરોલ, ડભાણ, વિરોલ, પણસોરા, મહોળેલ, રાજનગર, ઉમરેઠ, થામણા, રામપુર, વડોદરા ઘટક, નડિયાદ ઘટક, અલિન્દ્રા (મ), અલિન્દ્રા (વ), ડાકોર, ત્રાજ, નરસંડા, ડભોઉ, રામોલ, ડેમોલ, ગાડા, બાંધણી, સલુણ, સંજાયા, બામણગામ, ચાંગા અને ભડકદ.

સહયોગ આપનાર સૌ બહેનોનો ખૂબ ખૂબ આભાર...

# ચમોસ પાટીદાર કેળવણી મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ₹ 3 કરોડ ઉપરાંતની સ્કૉલરશીપ

ગિરીશભાઈ બી. પટેલ, સહમંત્રી, કેળવણી મંડળ

## ચારૂસેટમાં શ્રી ચરોતર મોટી સતાવીસ પાટીદાર કેળવણી મંડળની 29મી વાર્ષિક સાધારણ સભા

શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળની 29મી વાર્ષિક સાધારણ સભા ચારુસેટ કેમ્પસ ચાંગામાં તારીખ 17મી સપ્ટેમ્બર, શનિવારે કેળવણી મંડળના પ્રમુખ શ્રી સુરેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

સહમંત્રીશ્રી ગીરીશભાઇ બી. પટેલે પ્રમુખશ્રીની અનુમતિથી 29મી વાર્ષિક સાધારણ સભાની શરૂઆતમાં ઉપસ્થિત તમામ ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારો તથા કેળવણી મંડળના આજીવન શુભેચ્છક સભ્યોને આવકારી, ગત વર્ષે તા. 25 મી સપ્ટેમ્બર 2021ના રોજ યોજાયેલ ૨૮મી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને ઉપસ્થિત સર્વ સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી હતી. વર્ષ 2021-2022ના ઓડીટ થયેલા હિસાબો અને વાર્ષિક અહેવાલને રજૂ કરવામાં આવ્યા હતા. જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. સાથે સાથે વર્ષ 2022-2023નું અંદાજપત્ર પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

વાર્ષિક સાધારણ સભામાં કેળવણી મંડળની મેમ્બરશીપ ફીમાં સુધારો કરી મંજૂરી માટે ચેરિટિ કમિશનરને મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

શ્રી સુરેન્દ્રભાઇ પટેલે અધ્યક્ષીય પ્રવચન કરતા જણાવ્યુ કે આપણી સંસ્થા ખૂબ સરસ પ્રગતિ કરી રહી છે અને આ વર્ષે ચારુસેટ યુનિવર્સિટીને NAAC દ્વારા A+ગ્રેડ પ્રાપ્ત થયો છે. દર વર્ષે આપણે લગભગ ₹ 2 કરોડની સ્કોલરશીપ આપીએ છીએ ત્યારે આ વર્ષથી આપણે ₹ 3 કરોડ ઉપરાંતની સ્કોલરશીપ તેજસ્વી વિદ્યાર્થીઓને આપવાનો નિર્ણય કર્યો છે.

શ્રી સુરેન્દ્ર પટેલે ઉપસ્થિત સભ્યોને NRI મિત્રો વતનની મુલાકાતે આવે ત્યારે તેમને ચારુસેટ કેમ્પસની મુલાકાતે લાવવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત કેળવણી મંડળમાં યુવા સભ્યો વધુ સંખ્યામાં જોડાય અને સમયદાન તેમજ આર્થિકપણે સહાયરૂપ થાય તેવો અનુરોધ કર્યો હતો. આ સંસ્થાનું હકારાત્મક પાસું છે કે દરેક કારોબારી સભ્યો ડોનર છે. અમારામાં વિશ્વાસ રાખી સપોર્ટ આપો છો તે બદલ શ્રી સુરેન્દ્ર પટેલે સૌનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રી ડો. એમ. સી. પટેલ, ઉપપ્રમુખ શ્રી સી. એ. પટેલ, ઉપપ્રમુખ શ્રી કિરણભાઇ પટેલ સહમંત્રી શ્રી ગીરીશભાઈ બી. પટેલ, ટ્રસ્ટી શ્રી વીરેન્દ્રભાઈ પટેલ, શ્રી ધીરુભાઈ પટેલ, પ્રિ. આર. વી. પટેલ, શ્રી વી. એમ. પટેલ, લીગલ એડવાઇઝર શ્રી હેમંતભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં માતૃસંસ્થા-કેળવણી મંડળ-ચારુસેટ-CHRFના દાતાશ્રીઓ, હોદેદારો તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ગીરીશભાઈ પટેલે કહ્યું હતું કે ઉલ્લેખનીય છે કે દર વર્ષે ડી. ઝેડ પટેલ આણંદ કેમ્પસ અને ચારુસેટ કેમ્પસમાં સમાજના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. આ ઉપરાંત વિધવા બહેનોના દીકરા-દીકરીઓને પણ સંપૂર્ણ ફી માફી આપવામાં આવે છે.

અંતે શ્રી ગીરીશભાઈ પટેલે ઉપસ્થિત સૌ સભ્યો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી પૂરી થયેલી જાહેર કરી હતી.

# ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી

શ્રી હસમુખભાઈ પટેલ, ડેપ્યુટી રજીસ્ટ્રાર, ચારૂસેટ
પ્રૉ. કૌશિક ત્રિવેદી, આસી. પ્રોફે., ચારૂસેટ
પ્રિ. ભૂપેન્દ્ર આર. પટેલ
પ્રિ. ડૉ. અતુલ પટેલ, CMPICA, ચારૂસેટ

## 'શિક્ષણ ક્ષેત્રે ક્રિએટિવ - ઈનોવેશન ધરાવતા માનવ સંસાધનની જરૂરિયાત': ચારૂસેટમાં શિક્ષણ તજજ્ઞ પ્રો. શ્રીનિવાસનું વ્યાખ્યાન

વિખ્યાત ચારૂસેટ યુનિવર્સીટીમાં PDPIASમાં ઇન્ટરનલ ક્વોલોટી એસ્યોરન્સ સેલ (IQAC) દ્વારા શિક્ષણ તજજ્ઞ પ્રો. શ્રીનિવાસ સૈદાપુરનું "રી - મોડેલીંગ યુનિવર્સીટીઝ ઈન ધ લાઈટ ઓફ NEP (National Education Policy)-2020" વિશે રસપ્રદ અને માહિતીસભર વ્યાખ્યાન યોજાયું હતું.

એક્સપર્ટ ટોક સિરીઝ અંતર્ગત આયોજિત આ વ્યાખ્યાન આપનાર પ્રો. શ્રીનિવાસનું પુસ્તક "રી - મોડેલીંગ યુનિવર્સીટીઝ: મીટીંગ ચેલેન્જીસ ઓફ ધ ટવેન્ટી ફર્સ્ટ સેન્ચુરી" તાજેતરમાં પ્રકાશિત થયું છે. પ્રો. શ્રીનિવાસે જણાવ્યું કે 'દરેક યુનિવર્સીટીમાં વૈશ્વિક ધોરણોના આધારે ઉચ્ચ સ્તરનું શિક્ષણ અનિવાર્ય છે. સ્થાનિક-રાષ્ટ્રીય-વૈશ્વિક સ્તરે વિવિધ પ્રકારની સ્પર્ધાઓ વધતી જાય છે તે અનુસંધાનમાં ક્રિએટિવ - ઇનોવેશન ક્ષમતા ધરાવતા માનવ સંસાધનની આપણે ખૂબ જરૂરિયાત છે. આપણે સેલ્ફ લર્નિંગ પર ફોકસ કરવું જોઈએ તેમજ એવો અભ્યાસક્રમ ડેવલપ કરવો જોઈએ જે વિદ્યાથીઓ માટે લાભદાયી નીવડશે.'

ઉલ્લેખનીય છે કે એકેડેમીક એન્ડ એડમિનિસ્ટ્રેટિવ ઓડિટ (AAA) (2021-22) કમિટીના મેમ્બર પ્રો. શ્રીનિવાસે સ્ટેટ અને નેશનલ લેવલે વિવિધ ઉચ્ચ સ્તરીય સમિતિઓ, CSIR / DST / UGC ની પ્રોજેક્ટ એડવાઈઝરી કમિટીઓમાં સેવા આપી છે.

## ચારુસેટ સંલગ્ન ફાર્મસી કોલેજમાં 'સેલ કલ્ચર એન્ડ મોલેક્યુલર બાયોલોજી ટેકનિક્સ' વિશે ટ્રેનીંગ

ચાંગા: ચાંગાસ્થિત વિખ્યાત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ચારુસેટ) સંલગ્ન રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી (RPCP) દ્વારા ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (જીએસબીટીએમ), ગુજરાત સરકાર અને ચારુસેટના સહયોગથી સેલ કલ્ચર એન્ડ મોલેક્યુલર બાયોલોજી ટેકનિક્સ વિશે ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટન સમારોહ દરમિયાન મુખ્ય મહેમાન તરીકે ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GCRI) ના ભૂતપૂર્વ પ્રોફેસર અને વડા ડૉ. પ્રભુદાસ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. RPCPના પ્રિન્સિપાલ ડૉ. મનન રાવલે ડૉ. પ્રભુદાસ પટેલનું સ્વાગત કર્યું હતું અને સંસ્થા અને યુનિવર્સિટીની મહત્ત્વની સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી. તાલીમ કાર્યક્રમમાં રાજ્યભરની 8 યુનિવર્સિટીમાંથી કુલ 17 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ડો. અરુણ સિંઘ, (જનરલ મેનેજર –બાયોટેકનોલોજી, ઝાયડસ રિસર્ચ સેન્ટર, અમદાવાદ), ડો. ફ્રેન્કી શાહ (વરિષ્ઠ વૈજ્ઞાનિક અધિકારી અને વડા, સ્ટેમ સેલ બાયોલોજી લેબ, જીસીઆરઆઈ, અમદાવાદ) અને ડો. લિન્ઝ બાય જ્યોર્જ (ઝૂઓલોજી વિભાગ, સ્કૂલ ઓફ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) દ્વારા કાર્યક્રમની થીમ પર આધારિત વક્તવ્ય રજૂ કર્યા હતા. ડો. ઉમંગ શાહ, ડો. નિલેશ પાંડે અને શ્રી અલ્કેશ પટેલ દ્વારા સેલ કલ્ચર અને મોલેક્યુલર બાયોલોજી ટેકનિક પર પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી.

પૂર્ણાહુતિ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ડો. સોનમ પાંડે (સંશોધન વિકાસ અધિકારી, સેન્ટર ફોર સ્ટેમ સેલ રિસર્ચ (વેલ્લોર) દ્વારા તાલીમ કાર્યક્રમ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. પ્રોગ્રામ કો-ઑર્ડીનેટર ડો. ઉમંગ શાહ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## ગુજરાતમાં સૌપ્રથમ વાર ચારુસેટમાં કેબલ્સ એન્ડ વાયર ટેસ્ટિંગ લેબોરેટરીનું ઉદ્‌ઘાટન

**ગુજરાતમાં કોઈ યુનિવર્સિટી દ્વારા ઇલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટમાં સૌપ્રથમ વાર આ લેબોરેટરીનો આરંભ કરવામાં આવ્યો છે જે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીને શૈક્ષણિક તાલીમ માટે ઉપયોગી નીવડશે**

ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ચારુસેટ યુનિવર્સિટી) સંલગ્ન ચંદુભાઈ એસ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી (CSPIT) સ્થિત એમ. એન્ડ વી. પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં નવરાત્રીના પ્રથમ દિવસે કેબલ્સ એન્ડ વાયર ટેસ્ટિંગ લેબોરેટરીનું રીબીન કટિંગ અને દીપ પ્રાગટ્ય કરીને ઉદઘાટન કરવામાં આવ્યું હતું. લેબોરેટરીનું ઉદઘાટન કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચારુસેટ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાય, સી. એસ. પટેલ, ડો. આર. એમ. પટેલ, કેબલ્સ એન્ડ વાયર ટેસ્ટિંગ લેબના કન્સલ્ટન્ટ શ્રી જયંત પટેલ CSPITના પ્રિન્સિપાલ ડો. વાય. પી. કોસ્ટા, વિવિધ કોલેજોના પ્રિન્સિપાલો, ડીન, વિવિધ વિભાગોના વડાઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં સૌપ્રથમ વાર કોઈ યુનિવર્સિટી કે કોલેજ દ્વારા સૌપ્રથમ વાર આ પ્રકારની લેબોરેટરીનો આરંભ કરવામાં આવ્યો છે જે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી-સ્ટાફને શૈક્ષણિક તાલીમ માટે ઉપયોગી નીવડશે.

પ્રિન્સિપાલ ડો. વાય. પી. કોસ્ટાના માર્ગદર્શન હેઠળ EE ડિપાર્ટમેન્ટના વડા ડો. નિલય પટેલ તેમજ અન્ય ફેકલ્ટી સ્ટાફ દ્વારા આ લેબ તૈયાર કરવામાં આવી છે. ડો. નિલય પટેલના જણાવ્યા મુજબ રૂ. 24 લાખના ખર્ચે નિર્મિત આ લેબની સ્થાપનાનો હેતુ વિદ્યાર્થીઓમાં સ્કિલ ડેવલપમેન્ટ કરવાનો, કેબલ એન્ડ વાયરના ક્વોલિટી એસ્યોરન્સ ટેસ્ટ કરવાનો ઉપરાંત વોકેશનલ સર્ટિફિકેશન ટ્રેનીંગ કોર્સ, સ્કીલ્ડ મેનપાવર ઉદ્યોગોને પૂરો પાડવાનો છે.

ઇન્ડિયન સ્ટાન્ડર્ડ પ્રમાણે સ્થાપિત આ લેબમાં થર્મલ સ્ટેબિલિટી ટેસ્ટર, ઓક્સિજન ઇન્ડેક્સ ટેસ્ટર, સ્મોક ડેન્સીટી ટેસ્ટર, હેલોઝન એસિડ ગેસ, ફ્લેમેબિલિટી ટેસ્ટર, એમીશન ટેસ્ટર વગેરે સાધનોનો મદદથી ટેસ્ટ કરવાથી વાયર અને કેબલ સેફ છે કે નહીં તેની ક્વોલિટી અને સેફટીનો ખ્યાલ આવે છે.

વીજક્ષેત્રે વાયર/કેબલનો રોલ બહુ મહત્વનો હોય છે જે વીજળીને ટ્રાન્સમીટ કરે છે આથી ઓદ્યોગિક ક્ષેત્રે કેબલ અને વાયરનું મહત્વ સમજાવવા માટે આ લેબ ઉપયોગી છે. ઈન્ડસ્ટ્રીમાં આ પ્રકારની લેબોરેટરી હોય છે પરંતુ કોઈ યુનિવર્સિટી કે કોલેજ દ્વારા આ પ્રકારની લેબોરેટરીનો આરંભ કરવામાં આવ્યો છે જે ગુજરાતમાં સૌપ્રથમ વાર છે. વિદ્યાર્થીઓ ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ આપવાની ચારુસેટની પ્રણાલી મુજબ આ લેબ વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટી-સ્ટાફને ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ માટે ઉપયોગી નીવડશે.

## ચારૂસેટ સંલગ્ન PDPIASમાં પ્રમુખ સ્વામી મહારાજ એન્ડોવમેન્ટ ચેર એક્ટિવિટી અંતર્ગત લેકચર સિરીઝ

ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારૂસેટ યુનિવર્સિટી) સંલગ્ન પી.ડી.પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ એપ્લાઇડ સાયન્સીસ (PDPIAS) દ્વારા તાજેતરમાં 'શ્રી પ્રમુખ સ્વામી મહારાજ એન્ડોવમેન્ટ ચેર એક્ટિવિટી' અંતર્ગત ઓગસ્ટ-સપ્ટેમ્બર-2022 લેકચર સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેર પ્રોફેસર-1 તરીકે નેશનલ સેન્ટર ફોર સેલ સાયન્સના ઓનરરી સાયન્ટીસ્ટ અને અઝીમ પ્રેમજી યુનિવર્સિટી બેંગલોરના સ્કૂલ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સીસના પ્રો. ડો. યોગેશ શૌચે ઉપસ્થિત રહ્યા હતા. ચેર પ્રોફેસર-2 તરીકે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ બેંગલોરના બાયો કેમેસ્ટ્રી વિભાગના પ્રો. ઉત્પલ એસ. ટાટુનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

બંને મહાનુભાવોએ રસપ્રદ પ્રવચનો આપ્યા હતા. આ પ્રસંગે પી. એચ. ડી., માસ્ટર્સ, બેચલર્સના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન પ્રિન્સિપાલ ડો. પલાશ મંડલના માર્ગદર્શન હેઠળ આયોજન સમિતિના પ્રો. દત્તા મડમવાર, ડો. અદિતિ બુચ, ડો. મંદાર કુલકર્ણી, ડો. મનન શાહ, ફેકલ્ટી ઓફ સાયન્સના ડીન ડો. સી. કે. સુમેશ, રાકેશ દવે, સૂચિત પટેલ, દિવ્યેશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચારુસેટ સંલગ્ન અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે ઉજવાયો

ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી-ચારુસેટ સંલગ્ન અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી (ARIP) દ્વારા તાજેતરમાં વર્લ્ડ ફિઝિયોથેરાપીની થીમ “Osteoarthritis and the role of Physiotherapists” અંતર્ગત વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે ની ઉજવણી કરી હતી. ARIP એ વિદ્યાર્થીઓ, સ્થાનિક સમુદાય અને ચારુસેટ યુનિવર્સિટીના તમામ શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું.

વર્લ્ડ ફિઝિયોથેરાપી સામગ્રી માહિતી પત્રકો, બેનરો અને પોસ્ટરો વગેરે સ્થાનિક ગુજરાતી ભાષામાં અનુવાદિત કરવામાં આવી હતી. જે ચારુસેટના શિક્ષણ અને બિનશિક્ષણ કર્મચારીઓ તેમજ સ્થાનિક સમુદાયને પત્રિકાઓ તરીકે વહેંચવામાં આવી હતી. આ ઉપરાંત વિડિયો મેકિંગ કોમ્પિટિશન અને ક્વિઝ કોમ્પિટિશન જેવી વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્લ્ડ ફિઝિયોથેરાપી સામગ્રી પર આધારિત દસ દર્દી શિક્ષણના વીડિયો અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ દ્વારા અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવ્યા હતા. ત્રણ શ્રેષ્ઠ વીડિયોને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં કુલ 9 ટીમો અને 36 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એલિમિનેટીંગ રાઉન્ડ પછી, ત્રણ ટીમો ફાઇનલમાં પહોંચી અને અંતે બે ટીમો વિજેતા બની હતી. લગભગ 200-250 વિદ્યાર્થીઓએ ફેકલ્ટી સભ્યો સાથે ભાગ લીધો હતો.આ કાર્યક્રમને ચારુસેટના મેનેજમેન્ટ દ્વારા આર્થિક સહયોગ મળ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના પ્રિન્સિપાલ અને ડીન ડો. બાલાગણપતિ અને ફેકલ્ટી સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

ARIP ના આઉટરીચ સેન્ટરો પર વિવિધ જાગૃતિ અને સ્ક્રીનીંગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. મોગરી અને કાસોર ગામમાં મિત્ર રિહેબિલિટેશન સેન્ટર, નડિયાદમાં મહાગુજરાત ફિઝિયોથેરાપી સેન્ટર અને આયુર્વેદિક સેન્ટર અને ડેમોલમાં મણીબેન લકવા કેન્દ્રમાં અવેરનેસ ટોક, ફન ગેમ્સ, રોલ પ્લે અને ઑસ્ટિયોઆર્થરાઇટિસ સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ચારુસેટ યુનિવર્સિટીના સ્ટાફ માટે, અસ્થિવા માટે જોખમી તપાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેની સાથે યુનિવર્સિટીના નોન-ટીચિંગ સ્ટાફ માટે જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચારૂસેટના બે કેડેટ્સની રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઃ ઓલ ઈન્ડિયા થલ સૈનિક કેમ્પમાં ઝળક્યા

ચારૂસેટ યુનિવર્સિટીના બે કેટેડ્સ આનંદ રાજપૂત અને દિશા પટેલની ઓલ ઇન્ડિયા થલ સૈનિક કેમ્પ 2022 માં ઝળક્યા છે. ઓલ ઇન્ડિયા થલ સૈનિક કેમ્પ એ નેશનલ કેડેટ કોર્પ્સ-NCCની પ્રતિષ્ઠિત શિબિર પૈકીની એક છે જે ૧૪મીથી ૨૫મી સપ્ટેમ્બર દરમ્યાન

દિલ્હીમાં યોજાઇ રહી છે. શિબિર દરમ્યાન રાષ્ટ્રીય સ્તર પર તાલીમ અને સ્પર્ધાઓમાં ગુજરાત ડિરેક્ટોરેટનું પ્રતિનિધિત્વ કરવાનું આ બે કેડેટ્સને ગૌરવ પ્રાપ્ત થયું હતું. ચારૂસેટ યુનિવર્સિટીમાં બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન્સનો અભ્યાસ કરતો કેડેટ આનંદ રાજપૂત અને બેચલર ઓફ ફાર્મસીમાં અભ્યાસ કરતી કેડેટ દિશા પટેલનો ૮૦૦માંથી પસંદ કરાયેલા ૮૮ કેડેટ્સમાં સમાવેશ થયો હતો.

ઓલ ઇન્ડિયા થલ સૈનિક કેમ્પ માટે વિવિધ તબક્કામાં કઠિન પસંદગી પ્રક્રિયામાંથી પસાર થઇને શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનું રહે છે. જેમાં સમગ્ર ગુજરાતમાંથી વિવિધ કેડેટ્સે ભાગ લીધો હતો. ચારૂસેટ યુનિવર્સિટીના બંને કેડેટ્સ વિવિધ લશ્કરી વિષયોની કસોટીમાં સારું પ્રદર્શન કરીને નકશા વાંચન, આરોગ્ય અને સ્વચ્છતા એમ બે વિષયોમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. પસંદગી પ્રક્રિયાના વિવિધ તબક્કાઓ જેવા કે આંતર બટાલિયન કેમ્પમાં વિવિધ બટાલિયનના 147 કેડેટ્સ વચ્ચે સ્પર્ધા થઈ હતી. ત્યાર બાદ પસંદગીના કેડેટ્સ વચ્ચે સ્પર્ધા યોજાઈ અને તેમાંથી 3ની પસંદગી ઈન્ટર ગ્રુપ સ્પર્ધા માટે કરવામાં આવી જે ગુજરાતના વિવિધ જૂથોના વલ્લભ વિદ્યાનગર, અમદાવાદ, રાજકોટ, જામનગર અને બરોડાના વિવિધ કેડેટ્સ વચ્ચે યોજાઇ હતી. આંતર જૂથ કક્ષાની સ્પર્ધામાં પસંદગી બાદ તમામ પસંદ કરાયેલા કેડેટ્સ માટે અંતિમ પસંદગી કસોટી કરવામાં આવી હતી.

ચારુસેટના પ્રોવોસ્ટ ડૉ. આર. વી. ઉપાધ્યાય, રજીસ્ટ્રાર ડો. દેવાંગ જોશી, CMPICAના પ્રિન્સિપાલ ડૉ. અતુલ પટેલ, RPCPના પ્રિન્સિપાલ ડો. મનન રાવલ, લેફ્ટનન્ટ કર્નલ સતીશન આર. તથા 2 CTC, NCCના સ્ટાફ, CTO ડો. પ્રિતેશ પટેલ દ્વારા બંને કેડેટ્સની સિદ્ધિને બિરદાવવામાં આવી હતી. બંને કેડેટ્સને CTO ડો. પ્રિતેશ પટેલ દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ચારૂસેટ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે ચારિત્ર્ય, મિત્રતા, શિસ્ત અને બિનસાંપ્રદાયિક દૃષ્ટિકોણ, સાહસની ભાવના, નિઃસ્વાર્થ સેવા, આદર્શ અને વિકાસના સિદ્ધાંતોનું પાલન કરીને રાષ્ટ્રની સેવા કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## ચારૂસેટ સંલગ્ન CMPICAમાં શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે નિબંધ લેખન સ્પર્ધા

ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારૂસેટ) સંલગ્ન શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન (CMPICA) દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક દિન એ તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે એક મહત્વપૂર્ણ અવસર છે અને દર વર્ષે 5મી સપ્ટેમ્બરના રોજ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિને અનુલક્ષીને ઉજવવામાં આવે છે. CMPICA દ્વારા 5 સપ્ટેમ્બર, 2022 ના રોજ શિક્ષક દિનની ઉજવણી દ્વારા શિક્ષકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે તમામ વિભાગોના વિદ્યાર્થીઓએ વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું અને ટેકનિકલ અને નોન-ટેક્નિકલ વિષયો રજૂ કરીને પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. આ દિવસે વિદ્યાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારો વ્યક્ત કરવા પ્રેરિત કરવા અને યોગ્ય સામગ્રી અને લેખનની રચના દ્વારા સર્જનાત્મક વિચારોને દર્શાવવા "Online Education in the COVID-19 and Post COVID-19 Era: Students' Perception and Learning Experience" વિષય પર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ લેખન સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર અને રોકડ ઈનામો દ્વારા નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત નિબંધ લેખન સ્પર્ધા અને શિક્ષક દિવસની ઉજવણીમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો દ્વારા

બિરદાવવામાં આવ્યા હતા. શિક્ષક દિનની ઉજવણીનું આયોજન CMPICAના પ્રિન્સિપાલ ડો. અતુલ પટેલના માર્ગદર્શન હેઠળ CMPICAના ફેકલ્ટી સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચારુસેટમાં સ્પોર્ટ્સ ડેઃ ૧૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારૂસેટ) ચારુસેટ કેમ્પસમાં તારીખ ૧૫ સપ્ટેમ્બર, ગુરુવારે ચારુસેટ ફીઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ સેકશન દ્વારા એક દિવસીય સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પોર્ટ્સ ડે માં કુલ છ રમતો વોલીબોલ, ફૂટબોલ, બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, ચેસ અને રસ્સા ખેંચનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સ્પોર્ટ્સ ડેમાં યુનિવર્સીટીના ભાઈઓ/બહેનો મળીને ૧૧૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા ટીમોને યુનિવર્સીટી તરફથી સર્ટીફીકેટ આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આગામી તારીખ ૨૯ સપ્ટેમ્બર થી ૧૨ ઓકટોબર ૨૦૨૨ દરમ્યાન ૩૬મી નેશનલ ગેમ્સ ગુજરાતમાં યોજાશે. જેમાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના ખેલાડીઓ કુલ મળીને ૩૬ જુદી જુદી રમતોની સ્પર્ધામાં ભાગ લેશે. આ ૩૬મી નેશનલ ગેમ્સ બાબતે ગુજરાત રાજ્યના યુવાનોમાં અને વિદ્યાર્થીઓમાં રમતગમતના વિષયે જાગૃતિ કેળવાય તે હેતુથી આણંદ જીલ્લા પ્રશાસન દ્વારા અને સીનીયર કોચ ચિંતનભાઈ મહેતાના પ્રયાસો થકી ચારુસેટ કેમ્પસમાં સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચારૂસેટ સંલગ્ન ઈન્દુકાકા ઈપ્કોવાલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના મુખ્ય દાતા શ્રી ઈન્દુકાકા ઈપ્કોવાલાની જન્મજયંતિની ઉજવણી

ચારૂસેટ યુનિવર્સિટી સંલગ્ન ઈન્દુકાકા ઈપ્કોવાલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIIM)ના મુખ્ય દાતા શ્રી ઈન્દુકાકા ઈપ્કોવાલાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

સંસ્થાના મુખ્ય દાતા તેમજ સમાજ સુધારણા તેમજ પરોપકાર માટે જાણીતા, અગ્રીમ ઉદ્યોગપતિ સ્વર્ગસ્થ શ્રી ઈન્દુભાઈ મગનભાઈ પટેલ જેઓ "ઈન્દુકાકા" ના હુલામણા નામથી સમગ્ર ચરોતર પંથકમાં જાણીતા હતા. ઈન્દુકાકા અને સમગ્ર ઈપ્કો પરિવાર દ્વારા કરવામાં આવેલ દાન થકી IIIMની સ્થાપના કરવામાં આવી અને આજે સંસ્થા સમગ્ર ગુજરાતમાં મેનેજમેન્ટ વિદ્યાશાખામાં શ્રેષ્ઠ શિક્ષણ અપાતી સંસ્થાઓમાં મોખરેનું સ્થાન ધરાવે છે. તાજેતરમાં ઈન્દુકાકાના જન્મદિવસની ઉજવણી નિમિતે સંસ્થા દ્વારા ઈન્દુકાકાના મૂલ્યો અને સમાજસેવા થકી સમાજ ઉત્થાનના  ઉદેશ્યોને ચરિતાર્થ કરવાના ઉદેશ્ય સાથે સંસ્થામાં કાર્યરત કોમ્યુનિટી ક્લબ – 'પ્રયાસ' હેઠળ અનેકવિધ પ્રવૃતિઓનું આયોજન કરાયું હતું જેનું સમગ્ર સંચાલન અને મેનેજમેન્ટ સંસ્થાના 150 વિદ્યાર્થીઓ દ્વારા અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

'પ્રયાસ' હેઠળ હાથ ધરવામાં આવેલ પ્રવૃતિઓમાં સીડ બોમ્બનું વિતરણ, વૃક્ષોના છોડની વહેંચણી, પક્ષીઓ માટે માળાઓ અને ભોજન માટેના ફીડર બાઉલની સ્થાપના, પર્યાવરણ લક્ષી ઓનલાઇન કોર્સનો અભ્યાસ, પસ્તી માંથી મળેલ ફંડ માંથી વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી સ્ટેશનરીની વહેંચણી, અનાથ આશ્રમ અને ઘરડાઘરની મુલાકાત લઇ જરૂરી સામગ્રીઓની વહેંચણી, બિન ઉપયોગી પ્લાસ્ટિકની બોટલમાંથી બોટલ પ્લાન્ટની બનાવટ-વેચાણ વગેરેનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે IIIMના પ્રિન્સિપાલ ડો. ભાસ્કર પંડયાએ જણાવ્યું હતું કે સંસ્થાએ કમ્યુનિટી ક્લબ પ્રયાસના નેજા હેઠળ વિવિધ પ્રવૃત્તિઓના આયોજન




ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન મણિકાકા ટોપાવાળા ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ (MTIN) માં વીણાબેન પટેલના માતુશ્રીની સ્મૃતિમાં લલિતાબેન જશભાઈ પટેલ (નાર) ઓબ્સ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજિકલ લેબોરેટરીનું નામાભિધાન કરવામાં આવ્યું હતું.

PDPIASમાં ઈન્ટરનલ ક્વોલોટી એસ્યોરન્સ સેલ (IQAC) દ્વારા શિક્ષણ તજજ્ઞ પ્રો. શ્રીનિવાસ સૈદાપુરનું "રી - મોડેલીંગ યુનિવર્સીટીઝ ઈન ધ લાઈટ ઓફ NEP (National Education Policy)-2020" વિશે રસપ્રદ અને માહિતીસભર વ્યાખ્યાન યોજાયું હતું.






રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી (RPCP) દ્વારા ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (જીએસબીટીએમ), ગુજરાત સરકાર અને ચારુસેટના સહયોગથી સેલ કલ્ચર એન્ડ મોલેક્યુલર બાયોલોજી ટેકનિક્સ વિશે ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

**ગુજરાતમાં સૌપ્રથમ વાર ચારુસેટમાં કેબલ્સ એન્ડ વાયર ટેસ્ટિંગ લેબોરેટરીનું ઉદઘાટન**






**ચારુસેટ સંલગ્ન અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે ઉજવાયો.**

**ચારુસેટના બે કેડેટ્સની રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ: ઓલ ઈન્ડિયા થલ સૈનિક કેમ્પમાં ઝળક્યા.**





જેટલું ધૈર્યનું પ્રમાણ વધારે એટલી જ સફળતાની શક્યતા વધી જાય છે.



ચારુસેટ કેમ્પસમાં ચારુસેટ ફીઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ સેકશન દ્વારા એક દિવસીય સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પોર્ટ્સ ડે માં ૧૧૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




ચારૂસેટ સંલગ્ન ઈન્દુકાકા ઈપ્કોવાલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના મુખ્ય દાતા શ્રી ઈન્દુકાકા ઈપ્કોવાલાની જન્મજયંતિની ઉજવણી સંસ્થાના 750 વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ચરોતરમાં વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃતિઓ કરી.




ચારૂસેટમાં અમેરિકાસ્થિત અગ્રણી દાતા સ્વ. હર્ષાબેન નગીનભાઈ પટેલની શ્રદ્ધાંજલિ સભા.








*We are proud to be associated with Education Campus, Changa.*
***We wish all the Best for the progress of the Institute.***

**Suresh Patel**
98240 24409

JAGAJI
**CONSTRUCTION COMPANY**
*The Company with Conscience*

T-12, Dev Commercial Comp., Nr. Natubhai Circle, Gotri Road, Vadodara-7. • Ph # 0265-6534928
502, Manubhai Tower, Opp. Commerce College, Sayaji Gunj, VADODARA-7 • Ph # 0265-2362584
E-mail : barodaiid@yahoo.co.in

થકી સમાજસેવાના મૂલ્યોને જાળવી રાખીને સામાજિક સુખાકારીના ઈન્દુકાકાના વારસાને આગળ ધપાવ્યો છે. શ્રી ઇન્દુકાકાની જન્મજયંતિના દિવસે, શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સંસ્થાના બી.બી.એ અને એમ.બી.એ. પ્રોગ્રામના વિદ્યાર્થીઓએ, તેઓની લીડરશીપ, ટીમવર્ક, મેનેજમેન્ટ, કમ્યુનિકેશન, ક્રિએટિવિટી વગેરે સ્કિલ્સ થકી આ આયોજનને સફળ બનાવી શ્રી ઇન્દુકાકાને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સંસ્થાની LEARNING BY DOINGની અભ્યાસ શૈલીની પ્રશંસા કરતા યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાય અને રજિસ્ટ્રાર ડો. દેવાંગ જોશીએ સ્ટાફ તથા વિદ્યાર્થીઓના પ્રયત્નોને બિરદાવ્યા હતા.

**સંસ્થા દ્વારા વિવિધ પ્રવૃતિઓના સફળ આયોજનની રૂપરેખા**

- 3 શાળાઓમાં 480 થી પણ વધારે સીડ બૉમ્બનું વિતરણ અને રોપણ
- નડિયાદમાં સંતરામ મંદિર, વાણીયાવાડ, અને મહાગુજરાત વિસ્તારમાં 500 થી પણ વધારે વૃક્ષોના રોપાઓનું વિતરણ
- આણંદ અને નડિયાદના વિવિધ સ્થળોએ પક્ષીઓ માટે 50 માળાઓ અને 200 જેટલા ભોજનના બાઉલની સ્થાપના
- સંસ્થાના 750 થી પણ વધારે વિદ્યાર્થીઓએ સેમસંગ કંપની દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પર આધારિત કોર્સ ' ડિઝાઇનિંગ ફોર ડાઈવર્સ એન્ડ ઈન્ક્લુઝિવ ફ્યુચર' નો અભ્યાસ કર્યો
- સંસ્થામાં 'વોલ ઓફ કાઈન્ડનેસ' હેઠળ એકત્રિત કરવામાં આવેલ વિવિધ વસ્તુઓનું મોગરી સ્થિત યોગી વિદ્યાપીઠમાં સંચાલિત મિત્ર રિહેબિલિએશન સેન્ટરમાં અભ્યાસ કરતા 85 થી પણ વધુ ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓમાં વહેંચણી જેમાં પસ્તીના વેચાણ થકી પ્રાપ્ત થયેલ રકમ થકી ખરીદવામાં આવેલ સ્ટેશનરીનો પણ સમાવેશ થાય છે.
- પેટલાદ સ્થિત બી. આઇ. પટેલ એન્ડ કુમારી પાયલ પટેલ ઓલ્ડ એઝ હોમ તેમજ કરમસદ સ્થિત જલારામ સેવાશ્રમમાં નિવાસ કરતા 60 વડીલો માટે બી.પી. અને સુગરની તપાસ માટેના મેડિકલ સાધનોની ફાળવણી ઉપરાંત ફળોનું વિતરણ
- વિદ્યાર્થીઓ દ્વારા બિન ઉપયોગી પ્લાસ્ટિકની બોટલમાંથી બોટલ પ્લાન્ટની બનાવટ અને યુનિવર્સીટીમાં ગ્રીન કેમ્પસના ઉદેશ્ય સાથે વેચાણ કરી સમાજસેવા માટે ફંડ ઉભું કરવામાં આવ્યું.
- વિદ્યાર્થીઓએ નડિયાદ સ્થિત હિન્દુ અનાથ આશ્રમની મુલાકાત લઈ, અનાથ બાળકો સાથે વાર્તાલાપ કરી, સ્ટેશનરી કીટની વહેંચણી કરી.

## ચારૂસેટમાં અમેરિકાસ્થિત અગ્રણી દાતા સ્વ. હર્ષાબેન નગીનભાઈ પટેલની શ્રદ્ધાંજલિ સભા

શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉવા પાટીદાર સમાજ-માતૃસંસ્થા અને ચારુસેટ હેલ્થકેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના પ્રમુખ અને મૂળ ચકલાસી ગામના શ્રી નગીનભાઈ મણિભાઈ પટેલના ધર્મપત્ની શ્રીમતી હર્ષાબેન પટેલ 85 વર્ષની વયે અમેરિકામાં તા. 07-09-2022 ના રોજ દેવલોક પામ્યા છે. સ્વ. હર્ષાબેન પટેલની શ્રધ્ધાંજલિ સભા 13મી સપ્ટેમ્બર મંગળવારે ચારુસેટ યુનિવર્સીટી સ્થિત RPCP ઓડીટોરીયમમાં યોજાઈ હતી.

આ શ્રધ્ધાંજલિ સભામાં કેળવણી મંડળ અને ચારૂસેટના પ્રમુખ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, માતૃસંસ્થા, કેળવણી મંડળ અને CHRFના માનદ મંત્રી ડો. એમ. સી. પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી સી. એ. પટેલ અને શ્રી અશોકભાઈ પટેલ, માતૃસંસ્થાના ઉપપ્રમુખ શ્રી ગિરીશ બી. પટેલ, માતૃસંસ્થાના ટ્રસ્ટી શ્રી જશભાઈ પટેલ, માતૃસંસ્થાના ટ્રસ્ટી પ્રિ. આર. વી. પટેલ, માતૃસંસ્થા-

CHRFના સહમંત્રી શ્રી ધીરુભાઈ પટેલ, માતૃસંસ્થાના સહમંત્રી શ્રીમતી ભારતીબેન પટેલ, CHRFના સહમંત્રી શ્રી દિલીપભાઇ પટેલ, ચારૂતર વિદ્યામંડળના મંત્રી ડો. એસ. જી. પટેલ, એડવાઈઝર એસ. પી. કોસ્ટા અને ડો. બી. જી. પટેલ, ચારૂસેટ યુનીવર્સીટીના પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાય, ચારૂસેટ યુનિવર્સીટીના રજીસ્ટ્રાર ડો. દેવાંગ જોશી, ચારુસેટ હોસ્પિટલના COO ડો. ઉમાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. માતૃસંસ્થા, કેળવણી મંડળ, ચારુસેટ, CHRFના હોદ્દેદારો અને કારોબારી સભ્યો સહિત વિવિધ શાખાઓના ડીન, પ્રિન્સિપાલ, ફેકલ્ટી સભ્યો, ચકલાસીથી આવેલા આમંત્રિત મહેમાનો તથા સ્વજનો, ચારુસેટ હોસ્પિટલનો સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં માતૃસંસ્થાના ટ્રસ્ટી શ્રી જશભાઈ પટેલે સદગતને યાદ કરતાં જણાવ્યુ હતું કે હર્ષાબેનનો દયાળુ અને પરગજુ સ્વભાવ હમેશા યાદ રહેશે.

સંતરામ મંદિર ચકલાસીના સંતશ્રી રામેશ્વરદાસજી મહારાજે જણાવ્યુ કે ચકલાસી સંતરામ મંદિરનો પાયો નાખવામાં નગીનકાકાના પરિવારનું યોગદાન છે. તેઓ સંતરામ મંદિરમાં આવતા અને સેવાકીય પ્રવૃતિઓમાં સતત જોડાયેલા રહેતા. પરિવારમાં સુમેળ અને સંપ જાળવી રાખવામા તેમનું અમૂલ્ય યોગદાન છે ત્યારે દિવ્ય અખંડ જ્યોતિમાં પરમ આત્મા વિલીન થયો છે. સહમંત્રી શ્રી ધીરુભાઈ પટેલે જણાવ્યુ કે હર્ષાકાકી હસમુખા અને લાગણીશીલ સ્વભાવ ધરાવતા હતા. તેઓ ઘરના મોભી હતા અને પરિવારને સાચવ્યો. તેમના થકી પરિવાર એકજૂટ છે. શ્રીમતી ભારતીબેન પટેલે કહ્યું કે ઉમદા વિચાર અને ધાર્મિક ભાવ ધરાવતા હર્ષાબેને નારી બે કૂળ તારે તે ઉક્તિ સાર્થક કરી પરિવારને સંગઠિત રાખ્યો છે. ઉપપ્રમુખ શ્રી ગિરીશ બી. પટેલે જણાવ્યું કે હર્ષાબેને નારી તું નારાયણી ઉક્તિ સફળ બનાવી અને બધાને આગળ લાવવામાં કુનેહનો ઉપયોગ કર્યો. ડો. એસ. જી. પટેલ, કેળવણી મંડળના લીગલ એડવાઈઝર શ્રી હેમંત વકીલ, ડો. આર. વી. ઉપાધ્યાયે સદગતને શાબ્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

ડો. એમ. સી. પટેલે જણાવ્યું કે વંદનીય હર્ષાબેનનું જીવન આફ્રિકામાં અને પછી અમેરીકામાં પસાર થયું. માયાળુ સ્વભાવના હર્ષાબેન સદાય હસતાં મોઢે મહેમાનોની આગતાસ્વાગતા કરતા હતા. હર્ષાબેને નગીનભાઈને સમાજસેવા કરવા સમાજને સોંપ્યા અને પરિવારનો ભાર જાતે વહન કર્યો. શ્રી સુરેન્દ્રભાઈ પટેલે સદગતને શ્રદ્ધાંજલી અર્પતા જણાવ્યુ કે નગીનભાઈને 22 વર્ષથી ઓળખું છુ. તેમને ક્યારેય ટેન્શનમાં જોયા નથી અને તેઓ શાંતિથી બધાની વાતો સાંભળે. તેમની સફળતાનું રહસ્ય તેમનો પરિવાર સંભાળનાર હર્ષાબેન હતા. વિશાળ પરિવારની જવાબદારી હર્ષાબેને સંભાળી જેથી નગીનભાઇ સમાજના કાર્યો કરી શક્યા. આથી હર્ષાબેનનો ખાસ આભાર માનવો જોઈએ.

શ્રધ્ધાંજલિ સભાનું સંચાલન ડો. દેવાંગ જોશીએ કર્યું હતું. અંતમાં સૌએ બે મિનિટનું મૌન પાળી સદગતનાં આત્માને પરમકૃપાળુ પ્રભુ ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે હર્ષાબેન અને નગીનભાઈ અમેરિકામાં લગભગ 50 વર્ષથી વસતા હોવા છતાં માતૃભૂમિ પ્રત્યેના પ્રેમ અને વતનનું ઋણ અદા કરવા ચકલાસીમાં દર વર્ષે 3-4 મહિના પસાર કરતા અને સમાજસેવામાં સમર્પિત રહેતા હતા. આરોગ્ય ક્ષેત્રે તેમણે ચાંગા કેમ્પસમાં ચારુસેટ હોસ્પિટલમાં ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી ઓપરેશન થિયેટર માટે રૂ. 1 કરોડનું માતબર દાન આપતા કેળવણી મંડળ દ્વારા 22 માર્ચ, 2018ના રોજ દાન ભાસ્કર એવોર્ડ એનાયત કર્યો. આ ઉપરાંત શૈક્ષણિક સંકુલ આણંદ અને ચારુસેટ કેમ્પસમાં તેમનું માતબર આર્થિક યોગદાન છે.

# ચારૂસેટ હૉસ્પિટલ - અહેવાલ

**Shri Dilip R. Patel,** Jt. Secretary, CHRF
**Dr. Anil Sharma,** Principal, MTIN
**Shri Shreyash Dalal,** Exec.Officer, Develop & Relation, CHARUST

ગ્રામીણ વિસ્તારોમાં સમાજના દરેક વર્ગને સમાનદરે ગુણવત્તાસભર સ્વાસ્થ્યલક્ષી સેવાઓ મળી રહે તે હેતુથી ચારૂસેટ હેલ્થકેર એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન (CHRF) દ્વારા ચારૂસેટ હોસ્પિટલ શરૂ કરવામાં આવી જે 2015થી પ્રથમ તબક્કામાં 100 બેડની સુવિધા સાથે સંપૂર્ણ કાર્યરત છે અને ૪૫૦ બેડ સુધી વિસ્તરણની ક્ષમતા ધરાવે છે.

'CARE WITH COMPASSION' મુદ્રાલેખ સાથે કાર્યરત ચેરિટેબલ મલ્ટી સ્પેશિયાલિટી ચારૂસેટ હોસ્પિટલમાં જનરલ મેડિસિન, જનરલ સર્જરી, ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી, પીડિયાટ્રિક્સ, ઓર્થોપેડિક્સ, ડેન્ટીસ્ટ્રી, ENT, અત્યાધુનિક સ્ટેટ ઓફ ધ આર્ટ મોડ્યુલર ઓપરેશન થિયેટરો, આઈ.સી.યુ, સી.સી.યુ.એન.આઇ.સી.યુ, ડિલિવરી સ્યૂટ, 24 કલાક એક્સીડેન્ટ-ઈમરજન્સી સર્વિસની સુવિધા છે.

**ટીચિંગ હોસ્પિટલ**

ચારૂસેટ હોસ્પિટલ ફિઝિઓથેરપી, પેરામેડિકલ, નર્સિંગ જેવા કોર્સ માટે ટીચિંગ હોસ્પિટલ છે અને વિદ્યાર્થીઓને વિવિધ સંસ્થાઓમાં ક્લિનિકલ ટ્રેનીંગ અને ક્વોલિટી હેલ્થકેર એજયુકેશન આપે છે જેમાં અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફિઝિયોથેરપી (ARIP), મણિકાકા ટોપાવાલા ઇન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ (MTIN) અને બાપુભાઈ દેસાઇભાઈ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડિકલ સાયન્સ (BDIPS), રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી (RPCP) નો સમાવેશ થાય છે.

ચારૂસેટ હોસ્પિટલમાં સપ્ટેમ્બર માસમાં (29મી સપ્ટેમ્બર સુધીમાં) OPDમાં 2184, IPDમાં 117 દર્દીઓએ સારવાર લીધી હતી. 33 સર્જરી કરવામાં આવી હતી. જયારે 6 નવજાત શિશુનો જન્મ થયો હતો.

**ચારુસેટ મેડિકલ આઉટરીચ સેન્ટરોમાં આઉટરીચ કેમ્પ અને હેલ્થકેર પ્રોગ્રામ:**

**• મણિબા લકવા કેન્દ્ર, ડેમોલ**

**દર્દીઓની સંખ્યા**

| પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|
| 57 | 20 | 77 |

**દર્દીનો અભિપ્રાય:** દર્દી: કૃષ્ણાબેન વય 50 વર્ષ

**નિદાન:** Left Hemiplegia

હું લગભગ 2 અઠવાડીયાથી સ્ટ્રોકથી પીડાતી હતી. હું એકલી બેસી શક્તિ નહોતી કે ઊભી રહી શકતી ન હતી. હું મારું નિયમિત કામ યોગ્ય રીતે કરી શકતી ના હતી અને થોડા અંતર સુધી ચાલીને બેસવું પડતું હતું. મેં પ્રાથમિક નિદાન અને સારવાર વડોદરામાં કરવી પણ કોઈ રિકવરી ના આવતા હું અહીં વધુ સારવાર માટે ડેમોલ હોસ્પિટલમાં આવ્યો હતો. અહીં ચારુસેટના ફિઝિયોથેરાપિસ્ટ મારી સારવાર કરી રહ્યા છે. તેઓએ મારી સંભાળ લીધી અને મને કેટલીક ટેકનીકો શીખવી, જેનો ઉપયોગ કરીને હું મારી પ્રવૃત્તિઓ જાતે કરી શકું છું. હાલમાં, હું મારી જાતે બેસીને ઉભી રહું છું અને લાકડીનો ઉપયોગ કરીને ચાલી શકું છું. હું ખરેખર થેરાપીસ્ટ અને ફિઝિયોથેરાપી વિદ્યાર્થીઓની ટીમની આભારી છું.

**• પ્રમુખસ્વામી ફિઝીયોથેરાપી સેન્ટર-મહુધા:**

**દર્દીઓની સંખ્યા**

| પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|
| 73 | 53 | 126 |

**દર્દીનો અભિપ્રાય:** દર્દી: રાજેન્દ્ર પટેલ વય 54 વર્ષ 27 વર્ષ

**નિદાન:** Osteoarthritis of rt Knee

મને 3 મહિના પહેલા ઘૂંટણનો ઓસ્ટિઓઆર્થરાઈટિસ હોવાનું નિદાન થયું હતું. પીડાને કારણે હું 30-40 મિનિટ સુધી સતત ઊભા રહી શકતો ન હતો. મેં પ્રમુખ સ્વામી ફિઝિયોથેરાપી સેન્ટર, મહુધામાં 15 દિવસ માટે ફિઝિયોથેરાપી શરૂ કરી. હવે હું પીડાની ફરિયાદ કર્યા વિના લાંબા સમય સુધી ઊભા રહી શકું છું. હું ફિઝિયોથેરાપી

સ્ટાફનો તેમના માર્ગદર્શન અને સારવાર માટે આભારી છું.

**• મહાગુજરાત ફિઝીયોથેરાપી સેન્ટર- શેઠ એચ. જે. મહાગુજરાત હોસ્પિટલ-નડિયાદ:**

| OPD | HJ | DZ | TOTAL |
|---|---|---|---|
| 690 | 157 | 245 | 1092 |

**• ફિઝીયોથેરાપી સેન્ટર - જે. એસ. આયુર્વેદિક મહાવિદ્યાલય & પી. ડી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ-નડિયાદ:**

**દર્દીઓની સંખ્યા :**

| પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|
| 204 | 180 | 384 |

**દર્દીના માતાનો અભિપ્રાય: મીનાબેન વય 55 વર્ષ**

**નિદાન: Stroke**

"મને આયુર્વેદિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને સ્ટ્રોક માટે ફિઝિયોથેરાપી સારવાર લઈ રહી હતી. હું અગાઉ સ્વતંત્ર રીતે ચાલી શકતી નહોતી અને હું મારા પુત્રના ટેકાથી ચાલતી હતી. ચાલતી વખતે હું સંતુલન ગુમાવી બેસતી હતી. હવે હું સ્વતંત્ર રીતે ચાલી શકવા સક્ષમ છું. જેઓ મારી સારવારમાં સામેલ હતા તે ફિઝિયોથેરાપી વિભાગના તમામ ડોકટરો, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ તેમજ આયુર્વેદની સમગ્ર ટીમનો આભાર માનું છું.

**• શ્રીમતી માલતીબેન ચીમનભાઈ એ. પટેલ ચારુસેટ મેડીકલ આઉટરીચ સેન્ટર-ચારુસેટ કેમ્પસ**

શ્રીમતી માલતીબેન ચીમનભાઈ એ. પટેલ ચારુસેટ મેડીકલ આઉટરીચ સેન્ટર અગાઉ આણંદ-વિદ્યાનગર રોડ પર આવેલા માતૃસંસ્થાના છાત્રાલયમાં કાર્યરત હતું જે વર્લ્ડ ક્લાસ અત્યાધુનિક 6 માળનું સુવિધાયુક્ત મલ્ટીપર્પઝ કોમ્પ્લેક્સ‘ઉત્કર્ષ’ મેગા પ્રોજેકટના નવનિર્માણના કારણે ચારુસેટ કેમ્પસ-ચાંગામાં અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફિઝિયોથેરપી (ARIP) માં શિફ્ટ કરવામાં આવ્યું છે. આથી શ્રીમતી માલતીબેન ચીમનભાઈ એ. પટેલ ચારુસેટ મેડીકલ આઉટરીચ સેન્ટરની ફિઝિયોથેરપી સેવાઓ ચારુસેટ કેમ્પસ-ચાંગામાં ARIP કોલેજમાં ઉપલબ્ધ છે.

**ચારુસેટ હોસ્પિટલ દ્વારા સ્થાપિત ચારુસેટ સારથી રિહેબિલિટેશન એન્ડ પેલીયેટીવ કેર સેન્ટર દર્દીઓ માટે આશીર્વાદરૂપ:**

દર્દીઓની કરુણાસભર સારસંભાળ રાખવાના ઉમદા હેતુથી ચાંગાસ્થિત વર્લ્ડ ક્લાસ મલ્ટી સ્પેશિયાલિટી ચારુસેટ હોસ્પિટલમાં સ્થાપિત અત્યાધુનિક સુવિધાયુક્ત ચારુસેટ સારથી રિહેબિલિટેશન એન્ડ પેલીયેટીવ કેર સેન્ટરમાં દર્દીઓ લાભ લઈ રહ્યા છે.



એક મહિલા દર્દીએ સ્પાઇનની સર્જરી કરાવી હોસ્પિટલમાંથી રજા લઈ લીધી હતી પરંતુ ઘરે સાચવવાની કોઈ વ્યવસ્થા ના હોવાથી તેઓ ચારુસેટ સારથી રિહેબિલિટેશન એન્ડ પેલીયેટીવ કેર સેન્ટરમાં દાખલ થયા અને ઘરે સુવિધા થઈ ત્યાં સુધી અહી રહ્યા હતા અને સેવાનો લાભ લીધો હતો. તેમણે આ સેવા શરૂ કરવા બદલ ધન્યવાદ આપ્યા હતા અને કહ્યું હતું કે આ સેવા શરૂ થવાથી અમારા જેવા અનેક દર્દીઓ જેમને ઘરે રાખનાર કોઈ ન હોય તેવા લોકો લાભ લઈ શકશે.

એક મહિલા ઘરે પલંગ પરથી પડી ગયા હતા અને થાપાનો બોલ તૂટી ગયો હતો અને જે ડોક્ટર પાસે ગયા તેમણે સર્જરીની તારીખ આપી અને થોડા સમય પછી આવવા જણાવ્યુ હતું તેઓ એકલા રહેતા હોવાથી ઘરે સાચવનાર કોઈ ન હતું આથી તેઓ ચારુસેટ સારથી રિહેબિલિટેશન એન્ડ પેલીયેટીવ કેર સેન્ટરમાં રોકાયા હતા અને આ સેવાનો લાભ લીધો હતો.

અન્ય એક દર્દીએ ઓપરેશન કરાવ્યા પછી ઘરે સાજા થઈ રહ્યા હતા એ દરમિયાન તેમના પરિવારને સામાજિક

પ્રસંગમાં હાજરી આપવા બહારગામ જવાનું હોવાથી ઘરમાં તેમની દેખરેખ કરનાર કોઈ ન હતું તેમના પરિવારે ચારૂસેટ સારથી રિહેબિલિટેશન એન્ડ પેલીયેટીવ કેર સેન્ટરમાં પૂછપરછ કરી હતી. આ દર્દીએ આ સેન્ટરમાં સેવાનો લાભ લીધો હતો અને સારવારથી પ્રભાવિત થઈ આનંદ વ્યક્ત કર્યો હતો.

